RCCI RCCI RCCI


# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

RCCI - 3RD EDITION OF 2025-26

# E-BULLETIN








**:: Registered Office ::**

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001

**Phone :** 0281-2227400, 2227500 | **Fax :** 0281-2230824 | **M :** 73831 27400

**E-mail :** rajkotchamber@yahoo.co.in | **Web :** www.rajkotchamber.com

# Office Bearers



**V. P. Vaishnav**
President



**Parth P. Ganatra**
Vice President



**Nautam B. Barasiya**
Hon. Secretary



**Utsav K. Doshi**
Hon. Jt. Secretary



**Vinod L. Kachhadia**
Treasurer

# Managing Committee Members


Achyut P. Jasani


Anil L. Vanpariya


Ashok V. Viradia


Brijen B. Kotak


Darshan H. Lakhani


Dipak J. Pobaru


Gaurang R. Thakker


Jagdish B. Akbari


Kumanlal B. Varsani


Kushal N. Popat


Maheshkumar B. Savalia

# Managing Committee Members



**Manoj A. Unadkat**



**Narendrasinh K. Jadeja**



**Nilesh S. Bhalani**



**Pranav C. Bhalara**



**Rajesh N. Junja**



**Samir V. Vekariya**



**Satyen M. Patel**



**Siddharth R. Pobaru**



**Pankaj G. Dhamsania**
Co-opt Member



**Kishor J. Vaghasiya**
Co-opt Member



**Naresh G. Sheth**
Co-opt Member

# પ્રમુખશ્રીની કલમે



**સ્નેહી સભ્યશ્રીઓ,**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર–ઉદ્યોગ–વ્યવસાય ક્ષેત્રમાં કાર્યરત વ્યક્તિ, પેઢી, કંપની અને એસોસીએશનોના સમુહનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા હોવાથી વેપાર–ઉદ્યોગની અપેક્ષા પણ તેની પાસે વધુ હોય તે સ્વાભાવિક છે અને અમો પણ વેપાર–ઉદ્યોગની અપેક્ષા પરિપૂર્ણ કરવા હંમેશા સક્રિય રહીએ છીએ. હોદેદારો અને વ્યવસ્થાપક સમિતિ તો ફકત સંસ્થાની કાર્યકારી વ્યવસ્થા હોય છે. સભ્યશ્રીઓ જેટલા જાગૃત અને સહયોગી બને તેટલી જ સંસ્થાની પ્રવૃતિઓને વેગ મળી શકે. આ માટે રાજકોટ ચેમ્બરની પ્રવૃતિમાં વધુને વધુ જોડાવા સૌ સભ્યોને અનુરોધ કરીએ છીએ અને રાજકોટ ચેમ્બરની પ્રવૃતિનો બુલેટીનનો આ અંક આપ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

આપનો સ્નેહાધિન,

**વી. પી. વૈષ્ણવ**
પ્રમુખ

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ શહેરમાં ભાડાની કોમર્શિયલ પ્રોપર્ટી ઉપર વસુલવામાં આવતો બમણો ટેક્સ નાબુદ કરવા અંગે રાજકોટ મ્યુનિશીપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ શહેરમાં મોટા ભાગના વેપારીઓ નાની–મોટી દુકાન કે ઓફિસો વિગેરે ભાડે રાખીને પોતાનો ધંધો ચલાવી રહયા છે ત્યારે ભાડાની વિવિધ કોમર્શિયલ પ્રોપર્ટીઓ જેમ કે, દુકાન, શો રૂમ, ઓફિસ વિગેરે ઉપર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે બમણો ટેક્સ વસુલવામાં આવી રહયો છે. તેના કારણે વેપારીઓ અને પ્રોપર્ટી માલિકોને અસહય આર્થિક બોજનો સામનો કરવો પડી રહયો છે. તેમજ હાલમાં આશરે ૫૦% થી ઉપરનો વેપાર ઓનલાઈન થઈ ગયેલ હોવાથી તેઓના વેપાર–ધંધા ઉપર ગંભીર અસર પહોંચી છે.

વધુમાં હાલની વૈશ્વીક યુધ્ધની પરિસ્થિતીના કારણે વેપારીઓ અસહય નુકશાનીનો સામનો કરી રહયા છે, તેવામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવી ભાડાની કોમર્શિયલ પ્રોપર્ટી ઉપર બમણો ટેક્સ વસુલવો ખરેખર અયોગ્ય જણાઈ રહયું છે. કારણે કે જે કોમર્શિયલ પ્રોપર્ટીનો ઉપયોગ માલીક પોતે કરે છે તો સિંગલ ટેક્સ લેવામાં આવે છે પણ જયારે તે જ પ્રોપર્ટી જો ભાડાપેટે આપવામાં આવે તો તેના ઉપર બમણો ટેક્સ વસુલવામાં આવે છે. રાજકોટ શહેરની અંદર આ ડબલ ટેક્સ વસુલવાથી બહારની કોઈપણ કોર્પોરેટ કંપનીઓ આવવા તૈયાર નથી અને અહીંના સ્થાનીક વેપાર–ધંધાને સપોર્ટ મળવાને બદલે પારાવાર નુકશાન થઈ રહયું છે. કોઈપણ મોટા શહેરની અંદર કોઈપણ ઓનરશીપથી કે વહેચાતી દુકાન, શો રૂમ કે ઓફિસ લઈ શકાય નહી અને જયાં જયાં વધુ ભાડાની સવલતો ઉભી થઈ છે ત્યાં શહેરનો વિકાસ થયેલ છે તેનો મુંબઈ શહેર તાજેતરનો દાખલો છે. તો આ એક જ પ્રોપર્ટીના ઉપયોગ માટે માલીક અને ભાડુઆત બન્નેનો એક જ સમકક્ષ ટેક્સ હોવો જોઈએ. તો તાત્કાલીક અસરથી આ ડબલ ટેક્સ વસુલવાનું નાબુદ કરી અને સીંગલ ટેક્સનો આસરો લેશું તો અહીંના વેપાર–ધંધાને વેગ મળશે અને બહારની કોર્પોરેટ કંપનીઓ પણ આવવા તૈયાર થશે. જેથી કરીને આપણે રાજકોટ શહેરના સર્વાંગી વિકાસમાં સહભાગી બની શકીશું.

આમ આ માંગણી ખુબ જ વ્યાજબી હોય, વેપારીઓને ભોગવવી પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેરમાં ભાડાની કોમર્શિયલ પ્રોપર્ટીઓ ઉપર વસુલવામાં આવતો બમણો ટેક્સ નાબુદ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ મ્યુનિશીપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રી તુષાર સુમેરા સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા MSME એકમોના વર્કરોને કોમર્શીયલ ગેસ સીલીન્ડરની પુરતા પ્રમાણમાં સપ્લાય મળી રહે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા અંગે રાજકોટ જીલ્લા કલેકટરશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

વર્તમાન વૈશ્વીક યુધ્ધની પરિસ્થિતીને કારણે વેપાર–ઉદ્યોગકારો ઉપર ખુબ જ ગંભીર અસર પડેલ છે અને આર્થિક નુકશાન પણ ભોગવવું પડી રહયું છે. ત્યારે હાલમાં ઔદ્યોગીક એકમોને નિયમીત ગેસની સપ્લાય ન મળવાને કારણે તેઓના ઉત્પાદન કાર્યમાં વિક્ષેપો સજાઈ રહયો છે. સાથે જ જે ઔદ્યોગીક એકમોમાં હજારોના સ્ટાફ માટેના કેન્ટીનો ચાલી રહયા છે તેઓને પણ ગેસ સીલીન્ડર ન મળવાને કારણે તકલીફ પડી રહી છે.

વધુમાં જે MSME એકમોમાં વર્કરો ત્યાં જ વસવાટ કરતા હોય અને કામ કરી રહયા છે તો તેઓને હાલમાં ગેસ સીલીન્ડર મળતા નથી. જેના કારણે આવા ઔદ્યોગીક એકમોએ તેઓના વર્કરોને સાચવવામાં ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે અને વર્કરો વતન પરસ્ત થવા માંડયા છે. તેથી તેઓને તાત્કાલીકના ધોરણે કોમર્શીયલ ગેસ સીલીન્ડરની પુરતા પ્રમાણમાં સપ્લાય મળી રહે તેવી વ્યવસ્થા કરવા તેમજ રાજય સરકારશ્રીએ જાહેર કરેલ આદેશ મુજબ ત્રણ માસની અંદર શહેર અને ગ્રામ્યમાં રહેણાંક વિસ્તારમાં ઉપયોગ થતા LPG ગેસ સીલીન્ડર બંધ કરાવી તેઓને ગેસની લાઈન પુરી પાડવાનું કામ તાત્કાલીક અસરથી શરૂ કરાવવાની વ્યવસ્થા કરવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ જીલ્લા કલેકટરશ્રી ડો.ઓમ પ્રકાશને રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શ્રીભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતી નિમિતે યોજાયેલ શોભાયાત્રાનું અભિવાદન કરવામાં આવેલ...

જૈનમ અને સમગ્ર જૈન સમાજ દ્વારા રાજકોટ ખાતે શ્રીભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતીની રંગે ચંગે ઉજવણી કરવામાં આવેલ. આ તકે શહેરમાં ભવ્યાતિભવ્ય અને વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શ્રધ્ધાળુઓ, મુની ભગવંતો અને શ્રાવકો હર્ષ–ઉલ્લાસથી જોડાયેલ.






આ પ્રસંગે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રી નિલેશભાઈ ભલાણી, શ્રી રાજેશભાઈ જુંજા, શ્રી સત્યેનભાઈ પટેલ દ્વારા શ્રીભગવાન મહાવીર સ્વામીની યોજાયેલ વિશાળ શોભાયાત્રાનું ઉત્સાહ પુર્વક હર વર્ષની જેમ અભિવાદન કરવામાં આવેલ હતું.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા માનનીય સાંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજીની સફળ રજુઆત... નિકાસકારોને પ્રોત્સાહન આપતી RoDTEP સ્કીમ અંતર્ગત મળવાપાત્ર લાભોના જુના દરો યથાવત રાખવામાં આવ્યા...



ભારત સરકારશ્રીના વાણિજય અને ઉદ્યોગમંત્રાલય દ્વારા નિકાસકારોને પ્રોત્સાહન આપતી RoDTEP (Remission of Duties and Taxes on Exported Products) સ્કીમ અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત નિકાસકારોને ઉત્પાદનમાં લાગતા ટેકસ અને ડયુટી જેવા કે, વીજળી ખર્ચ, ફયુલ ખર્ચ, મંડી ટેકસ, સ્ટેમ્પ ડયુટી, રાજય તથા સ્થાનીક સ્તરના ટેકસ વિગેરે ઉપર વળતર ચુકવવામાં આવે છે. આ સ્કીમમાં MSME અને નિકાસકારોને આશરે ૦.૩% થી ૩.૯% સુધીની રાહત આપવામાં આવતી હતી. પરંતુ ભારત સરકારશ્રીના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા RoDTEP સ્કીમ અંતર્ગત મળવાપાત્ર લાભો અને મુલ્ય મર્યાદામાં તાત્કાલીક ૫૦% સુધીનો ઘટાડો કરી દેવામાં આવ્યો હતો. જેથી નિકાસકારોએ અગાઉના RoDTEP ના દરોને આધારે કરારો અને વ્યવહાર કરેલ છે તે પરીપુર્ણ કરવામાં ખુબ જ મુશ્કેલીઓ પડી રહી હતી. તેમજ રીફંડપાત્ર ન હોય તેવા સ્થાનીક દર નિકાસકારોને જાતે ભોગવવા પડશે, MSME ક્ષેત્રો ૧% કે ૨% ના નજીવા માર્જીન ઉપર વેપાર ચલાવે છે ત્યારે આવા ઘટાડાને કારણે થયેલ કાર્યકારી ખર્ચ વસુલ કરી શકાય તેમ નથી.

આમ હાલની વૈશ્વીક યુધ્ધની પરિસ્થિતી તેમજ નિકાસકારોને પડી રહી મુશ્કેલીઓ અને થવાપાત્ર નાણાંકીય નુકશાનને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્ર સરકાર તથા સાંસદ સભ્યો સમક્ષ નિકાસકારોને પ્રોત્સાહન આપતી RoDTEP સ્કીમ અંતર્ગત મળવાપાત્ર લાભોના જુના

દરો–મુલ્ય મર્યાદાઓ યથાવત રાખવા રજુઆત કરવામાં આવેલ હતી. જે અનુસંધાને માનનીય સાંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજીએ ખાસ જહેમત ઉઠાવીને કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી સમક્ષ નિકાસકારોને પડી રહેલી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરકણ લાવવા તાત્કાલીક રજુઆત કરેલ હતી. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની તથા માનનીય સાંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજીની રજુઆતને સફળતા મળેલ છે અને ભારત સરકારના વાણિજય અને ઉદ્યોગમંત્રાલયના નોટીફીકેશનનં. ૬૬/૨૦૨૫–૨૬ તા.૨૩–૦૩–૨૦૨૬ થી ૫૦%ના દરનો ધટાડો પાછો ખેંચી આગામી ૧લી એપ્રિલ ૨૦૨૬ થી અગાઉના જુના દરો યથાવત રાખવામાં આવ્યા છે. જે બદલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી તથા સાંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજીનો સહદય આભાર વ્યકત કરે છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી સેન્ટર ઓફ એન્ટરપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ તથા વાધવાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે "Expansion Strategy Workshop for SME Owners" અંગે સેમીનારનું આયોજન કરવામાં આવેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી સેન્ટર ઓફ એન્ટરપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ તથા વાધવાણી ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે "Expansion Strategy Workshop for SME Owners" અંગે સેમીનારનું તા.૨૫–૦૩–૨૦૨૬, બુધવારના રોજ સાંજના ૫:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની કલમ 43B(h) હેઠળ ૪૫ દિવસની પેમેન્ટ ચુકવણી નિયમમાંથી MSME સેકટરને તાત્કાલીક મુકિત આપવા કેન્દ્રીય નાણામંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

વર્તમાન જીઓપોલીટકલ તણાવ અને યુધ્ધની પરિસ્થિતીને કારણે આંતરરાષ્ટ્રિય સ્તરે શિપીંગ અને લોજીસ્ટીકસ વ્યવસ્થાઓ ઉપર ગંભીર પ્રભાવો પડયા છે. જેના કારણે MSME સેકટર અને નિકાસકારો અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહયા છે. જેથી લોજીસ્ટીકસ વ્યવસ્થા લગભગ ખોરવાઈ ગઈ છે અને નિકાસકારોમાં આર્થિક અનિશ્ચિતતા વધી છે. હજારો કન્ટેઈનરો માર્ગ બદલવા માટે મજબુર થયા છે તેમજ પોર્ટ ઉપર અટવાઈ ગયા છે. જેના કારણે ભારે વિલંબ અને ખાસ તો નાશવંત માલને નુકશાન થવાની શકયતા વધી છે.

વધુમાં મધ્યપુર્વના દેશો જેમ કે, દુબઈ, કુવૈત અને ઈરાક તરફના નિકાસમાં ભારે વિક્ષેપ સર્જાયો છે. ગલ્ફ ઓફ હોર્મુઝની ખાડી બંધ રહેવાના કારણે અનેક શિપમેન્ટો અટવાઈ ગયા છે. લોજીસ્ટીકસ ખર્ચમાં ૩ થી ૫ ગણો વધારો થયો છે. જેથી રોકડ પ્રવાહમાં વિક્ષેપ, ચુકવણીમાં વિલંબ, વધતા સ્ટોક ખર્ચ અને વર્કિંગ કેપિટલ પર ભારે દબાણ સર્જાયું છે. આ ઉપરાંત બેન્ક ફાઈનાન્સીંગમાં ઘટાડો, વધતી આર્થિક દંડની શકયાતઓ અને અન્ય અનેક નાણાંકીય પડકારોની સાથે ઓછા નફાવાળા નિકાસ આધારીત MSME સેકટર અને નિકાસકારોને મુશ્કેલીઓમાં મુકી રહયા છે અને પરિસ્થિતી અત્યંત ગંભીર બની છે.

આમ હાલની વૈશ્વીક પરિસ્થિતીને ધ્યાનમાં લઈને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી અને પીએમઓ ઓફિસને આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ 43B(h) હેઠળની ૪૫ દિવસની પેમેન્ટ ચુકવણીના નિયમમાંથી MSME સેકટરને તાત્કાલીક મુકિત આપવા રજુઆત કરવામાં આવી છે. તેમજ જો મુકિત આપી ન શકાય તેમ હોય તો પેમેન્ટ ચુકવણીનો સમયગાળો ૧૨૦ દિવસ સુધી વધારી આપવો. જેથી MSME સેકટરને વર્તમાન ગંભીર પરિસ્થિતીમાં થોડી રાહત મળશે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા જેમ જવાહરલાલ નેહરૂ પોર્ટ ઓથોરીટી (JNPA) એ નિકાસકારો માટે વિવિધ રાહતો જાહેર કરેલ છે તે પ્રમાણે અદાણી પોર્ટસ–મુન્દ્રા સહિતના અન્ય પોર્ટો દ્વારા પણ તાત્કાલીક રાહતો જાહેર કરવા ડાયરેકટર જનરલ ઓફ શીપીંગ સમક્ષ રજુઆત કરવામાં આવી...

હાલમાં ચાલી રહેલ પશ્ચિમ એશીયા વિસ્તાર ખાસ કરીને ઈરાન–ઈઝરાયેલ દેશોના યુધ્ધ અને વૈશ્વીક જીઓપોલીટીકલ તણાવને કારણે આંતરરાષ્ટ્રિય સ્તરે લોજીસ્ટીકસ વ્યવસ્થામાં ગંભીર વિક્ષેપો સર્જાયા છે જેના કારણે રાજકોટ–સૌરાષ્ટ્ર સહિત સમગ્ર દેશના તમામ નિકાસકારોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરી રહયા છે. આ તમામ મુશ્કેલીઓ અને પરિસ્થિતીઓને ધ્યાનમાં રાખી તેમજ MSME અને નિકાસકારો દેશની કરોડરજ્જુ સમાન હોય રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તાજેતરમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર અને ડાયરેકટર જનરલ

ઓફ શીપીંગ સમક્ષ પોર્ટ અને એરપોર્ટ કાર્ગો વિલંબીત થવાને કારણે અટવાયેલા કન્ટેઈનરો ઉપર ડેમરેજ ચાર્જ, કન્ટેઈનર ડિટેન્શન અને ટર્મીનલ સ્તરના સંગ્રહ ચાર્જીસમાં નોંધપાત્ર વધારો, ઘણા રૂટ પર લોજીસ્ટીકસ ખર્ચમાં આશરે ૨૫૦% જેટલો વધારો, યુધ્ધ જોખમ સરચાર્જ, દરિયાઈ વીમા પ્રિમીયમ અને કેન્ટેઈનરોના ભાડામાં થયેલ તીવ્ર વધારામાં રાહતો જાહેર કરવા રજુઆત કરવામાં આવેલ હતી.

આમ હાલની વૈશ્વી યુધ્ધની પરિસ્થિતીને ધ્યાને લઈને જવાહરલાલ નેહરૂ પોર્ટ ઓથોરીટી (JNPA) દ્વારા નિકાસકારો અને ટર્મીનલ ઓપરેટરોને મહત્વપુર્ણ રાહતો જાહેર કરેલ છે. જેમાં ગ્રાઉન્ડ રેન્ટમાં માફી, નાશવંત માલ ધરાવતા રેફિજરેટેડ કન્ટેઈનર માટે રીફર ચાર્જીસ ઉપર ૮૦% સુધીની માફી, સંગ્રહ અને સ્ટેકીંગ સમય મર્યાદામાં વધારો તથા કસ્ટમ્સ પ્રક્રિયામાં સહાય જેવી મહત્વપુર્ણ સુવિધાઓનો સમાવેશ થાય છે. આ સંકટ સમયે જેમ જવાહરલાલ નેહરૂ પોર્ટ ઓથોરીટી (JNPA) દ્વારા રાહતો જાહેર કરેલ છે તે પ્રમાણે દિનદયાળ પોર્ટ ઓથોરીટી, અદાણી પોર્ટ એન્ડ સ્પેશીયલ ઈકોનોમીક ઝોન લીમીટેડ–મુન્દ્રા સહિતના તમામ પોર્ટોએ પણ તાત્કાલીકના ધોરણે તમામ રાહતો અને ચાર્જ માફી જાહેર કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા ડાયરેકટર જનરલ ઓફ શીપીંગ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## કન્ટેઈનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના અધિકારીશ્રીઓએ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે ICD અંગેની ચર્ચા–વિચારણા માટે મિટીંગ યોજેલ...



કન્ટેઈનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના (CONCOR) અધિકારીશ્રીઓએ તા.૧૦–૦૩–૨૦૨૬ ના રોજ ઈનલેન્ડ કન્ટેઈનર ડેપો (ICD) અંગેની ચર્ચા વિચારણા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સાથે મિટીંગ યોજવામાં આવેલ હતી. તે દરમ્યાન ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, માનદ સહમંત્રીશ્રી ઉત્સવભાઈ દોશી તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રી રાજેશભાઈ જુંજા તેમજ CONCOR માંથી એકઝીકયુટીવ ડિરેકટર, વેસ્ટર્ન ઝોન હેડશ્રી રવી પ્રકાશ ચતુર્વેદી, સીનીયર હેડ (કલ્સ્ટર હેડ–અમદાવાદ) શ્રી અભિલાષ વી., ચીફ મેનેજર–મોરબી શ્રી રિતેષ માલવીયા તથા આસીસટન્ટ મેનેજર (વેસ્ટ) કલ્સ્ટર અમદાવાદ શ્રી વૈભવ શાહ ઉપસ્થિ રહયા હતા.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ ડીજીએફટી રાજકોટ તથા FIEO અમદાવાદના સંયુક્ત ઉપક્રમે "Exports India's Free Trade Agreements (India–UK and India–Oman)" અંગે અવરનેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું જેનો બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો અને નિકાસકારોએ લાભ લીધેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ ડીજીએફટી રાજકોટ તથા ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશન–અમદાવાદના સયુંકત ઉપક્રમે "Exports India's Free Trade Agreements (India–UK and India–Oman)" અંગે અવરનેશ પ્રોગ્રામનું તા.૨૮–૦૨–૨૦૨૬ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે માનનીય ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા ઉપસ્થિત રહયા હતા. તેમજ બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો અને નિકાસકારોઆ પ્રોગ્રામનો લાભ લીધેલ.

રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ફીઓ સૌરાષ્ટ્ર રીજીઓનના કન્વીનરશ્રી પાર્થભાઈ ગત્રાણાએ સૌને આવકારતા જણાવેલ કે, ભારત સરકાર દ્વારા નિકાસને વેગ આપવા માટે અલગ–અલગ દેશો સાથે મુકત વ્યપારીક કરારો કરવામાં આવી રહયા છે. ત્યારે આ કરારોથી નિકાસને કેવી રીતે આગળ વધારી શકાય તેના માટે આ અવરનેશ પ્રોગ્રામનું આયોજન કરેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે. ત્યારે વેપાર–ઉદ્યોગકારો કે નિકાસકારોને કોઈપણ પ્રશ્ન કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા તેનું યોગ્ય નિરાકરણ લાવીશું.

મુખ્ય મહેમાન માનનીય ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ આ પ્રગ્રામમાં ઉપસ્થિત રહેવા પાઠવેલ આમંત્રણ બદલ આભાર વ્યકત કરતા જણાવેલ કે, રાજકોટ ચેમ્બર દ્વારા આવા અવરનેશના અનેક પ્રોગ્રામો યોજાતા હોય છે ત્યારે વેપાર–ઉદ્યોગકારોએ તેનો ખાસ લાભ લેવા માટે આહવાન કરેલ હતું. સરકારશ્રી દ્વારા નિકાસને વધુમાં વધુ પ્રોત્સાહન

આપવામાં આવી રહયું છે અને નિકાસકારોને વધુમાં વધુ લાભ થાય તેવી અનેક પોલીસીઓ પણ અમલમાં મુકેલ છે. ત્યારે હું કેન્દ્ર સરકારની બોર્ડ ઓફ ટ્રેડ કમિટિમાં સભ્ય તરીકે કાર્યરત છું તેથી કોઈપણ પ્રશ્ન કે સુચન હોય તો રાજકોટ ચેમ્બરના માધ્યમથી મારૂ ધ્યાન દોરવું તેનું યોગ્ય નિરાકરણ લાવવા માટે પ્રયાસ કરીશું.

પ્રોગ્રામના વકતાશ્રી આનંદ મિરાણીએ જણાવેલ કે, ભારત દેશ સાથે અનેક વિદેશી દેશોના કરારો થયેલા છે. જેમાં બે પ્રકારના કરારો હોય છે (૧) પ્રેફરેન્સીય ટ્રેડ એગ્રીમેન્ટ : જેમાં બે દેશો વચ્ચેનો કરાર છે. જયાં જયારે વેપારી પરસ્પર "મુળભુત આયાત ડયુટી" ના કન્સેશનલ દર લાગુ કરે છે ત્યારે પસંદગીના માલ પર લાગુ પડે છે. (ર) મુકત વેપાર કરાર : આ બે દેશો વચ્ચેનો એક કરાર છે. જયાં પસંદગીના માલનો વેપાર થાય તેને "મુળભુત આયાત ડયુટી" ની વસુલાતમાંથી મુકિત આપવામાં આવે છે. આમ PTA ની તુલનામાં FTA એ સામાન્ય રીતે એવી વસ્તુઓના કવરેજમાં વધુ મહત્વકાંક્ષી હોય છે જેના પર ડયુટી ઘટાડવાની હોય છે. PTA તથા FTA સાથે વિદેશી દેશો કરારોનું લીસ્ટ, ભારત–યુકે અને ભારત–ઓમાનની મુખ્ય વિશેષતાઓ, રૂલ્સ ઓફ ઓરીજીન, ડયુટી કન્સેશન, સર્ટીફિકેટ ઓફ ઓરીજીન, પધ્ધતિઓ, ચેપ્ટરમાં તેમજ ટેરી હેડીંગમાં થયેલ ફેરફારો, ફોરેન ટ્રેડ પોલીસી, કસ્ટમ્સ, એક્ષચેન્જ કન્ટ્રોલ રેગ્યુલેશન, લોજીસ્ટીકસ, રીસ્ક મેનેજમેન્ટ, સાચી બજારની પસંદગી, પ્રાઈસીંગ અને પોઝિશનીંગને સરખી રાખવી, લીવરેજ–ઈકોસીસ્ટમ, સેવાઓ અને નેટવર્કનું વિસ્તૃતીકરણ, FTA ના સફળ પરીબળો તેમજ ઈન્ડિયન ટ્રેડ પોર્ટલ અંતર્ગત પ્રોડકટનું ડિસ્ક્રીપ્શન જેવા વિવિધ મુદાઓ અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ. તેમજ ઉપસ્થિત નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ. પ્રોગ્રામના અંતે ઉપસ્થિત મહાનુભાવો અને વેપાર–ઉદ્યોગકારો, નિકાસકારોનો રાજકોટ ચેમ્બરના માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ આભાર વ્યકત કરેલ તેમજ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રી અચ્યુતભાઈ જસાણીએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારોને પ્રોત્સાહન આપતી RoDTEP સ્કીમ અંતર્ગત મળવાપાત્ર લાભોના જુના દરો યથાવત રાખવા કેન્દ્ર સરકારશ્રી તથા સાંસદ સભ્યશ્રી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવી...

ભારત સરકારશ્રીના વાણિજય અને ઉદ્યોગમંત્રાલય દ્વારા નિકાસકારોને પ્રોત્સાહન આપતી RoDTEP (Remission of Duties and Taxes on Exported Products) સ્કીમ અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત નિકાસકારોને ઉત્પાદનમાં લાગતા ટેકસ અને ડયુટી જેવા કે, વીજળી ખર્ચ, ફયુલ ખર્ચ, મંડી ટેકસ, સ્ટેમ્પ ડયુટી, રાજય તથા સ્થાનીક સ્તરના ટેકસ વિગેરે ઉપર વળતર ચુકવવામાં આવે છે. જેનાથી તેઓ વૈશ્વીક બજારમાં પોતાનું સ્થાન ટકાવી શકે અને નિકાસને વધુ પ્રોત્સાહીત કરી શકાય. આ સ્કીમમાં MSME અને નિકાસકારોને આશરે ૦.૩% થી ૩.૯% સુધીની રાહત આપવામાં આવતી હતી પરંતુ ભારત સરકારશ્રીના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા તાજેતરમાં જારી કરાયેલ તા.ર૩–૦ર–ર૦ર૬ ના નોટીફીકેશનનં.૬૦ અન્વયે હાલમાં મળવાપાત્ર લાભો અને મુલ્ય મર્યાદામાં તાત્કાલીક ૫૦% સુધીનો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. હાલની વૈશ્વીક પરિસ્થિતીમાં નિકાસ કરવું ઘણું મુશ્કેલી જનક થઈ રહયું છે તેવામાં આવો ઘટાડો કરવો એ ખુબ જ આશ્ચર્યજનક અને અયોગ્ય જણાઈ રહયું છે.

આવા ઘટાડાથી નિકાસકારોએ અગાઉના RoDTEP ના દરોને આધારે કરારો અને વ્યવહાર કરેલ છે તે પરીપુર્ણ કરવામાં ખુબ જ મુશ્કેલીઓ પડશે, રીફંડપાત્ર ન હોય તેવા સ્થાનીક દર નિકાસકારોને જાતે ભોગવવા પડશે, MSME ક્ષેત્રો ૧% કે ૨% ના નજીવા માર્જીન ઉપર વેપાર ચલાવે છે ત્યારે આવા ઘટાડાને કારણે થયેલ કાર્યકારી ખર્ચ વસુલ કરી શકાય તેમ નથી. આમ સમગ્ર દેશના નિકાસકારોને ખુબ જ મોટું નાણાંકીય નુકશાન ભોગવવું પડશે. સરકારશ્રી દ્વારા નિકાસને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે ત્યારે આવો નિર્ણય લેવાથી સરકારશ્રીના "નિકાસ પર શુન્ય–કર" ના સિધ્ધાંતને ઉલટાવી દેતો જોવા મળી રહયો છે.

આમ નિકાસકારોને પડી રહી મુશ્કેલીઓ અને થવાપાત્ર નાણાંકીય નુકશાનને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી, નાણામંત્રીશ્રીમતી નિર્મલા સીતારામનજી, પીએમ ઓફિસ તથા સાંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજી અને શ્રી રામભાઈ મોકરીયાજી સમક્ષ નિકાસકારોને પ્રોત્સાહન આપતી RoDTEP સ્કીમ અંતર્ગત મળવાપાત્ર લાભોના જુના દરો–મુલ્ય મર્યાદાઓ યથાવત રાખવા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન–USAના સયુંકત ઉપક્રમે અમેરીકામાં વેપાર–ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે મિટીંગનું આયોજન કરવામાં આવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન–USAના સયુંકત ઉપક્રમે અમેરીકામાં ગુજરાતીઓના વેપાર–ઉદ્યોગને પ્રોત્સાહન આપવા, સંગઠન મજબુત બનાવવા અને ભારતીય અમુલ્ય સંસ્કૃતિનું પ્રચાર–પ્રસાર કરવા વિગેરે જેવી બાબતોની ચર્ચા–વિચારણા માટે વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ અને અગ્રણી ઉદ્યોગકારો સાથે મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. મિટીંગના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ સૌને આવકારેલ હતા.

ત્યાર બાદ ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશનના પ્રમુખશ્રી ડો.વસુદેવભાઈ પટેલ અને હોદેદારોએ પ્રથમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આ સયુંકત મિટીંગનું આયોજન કરવા બદલ અને વિવિધ એસોસીએશનો અને અગ્રણી ઉદ્યોગોકારો ઉપસ્થિત રહયા તે બદલ આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે, અમેરીકામાં ગુજરાતની વિવિધ સંસ્થાઓ, વિવિધ સમાજો વિગેરેને એકત્રીત કરી કુલ ૧૧૦ સંસ્થાઓને ભેગી કરી ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશનની સ્થાપના કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદેશ ગુજરાતીઓના સંગઠનને મજબુત બનાવવાનું, તેમની સામુહીક શકિત વધારી તથા સમાજના વિવિધ પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ લાવવા, ઉપરાંત ગુજરાતીઓના વેપાર–ઉદ્યોગ તથા અન્ય વ્યવસાયીક અને સામાજીક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા તથા ભારતીય અમુલ્ય સંસ્કૃતીનું પ્રચાર–પ્રસાર કરવોનો છે. વધુમાં એમરીકા ખાતે આગામી મે ૨૦૨૬ માસમાં "બિઝનેશ કોન્કલેવ"નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ગુજરાતીઓના વેપાર–ઉદ્યોગોને વેગ મળે તેમજ અમેરીકામાં પોતાનો બિઝનેશ ડેવલોપ કરી શકે તે માટેની સંપુર્ણ માહિતી તજજ્ઞો દ્વારા આપવામાં આવી અને તે અંગે વિચાર–વિમર્શ કરવામાં આવેલ. તેમજ ભારત સરકારશ્રીના વિદેશ મંત્રાલય દ્વારા આ કોન્કલેવ માટે વિશેષ પરમીશન મેળવીને વધુને વધુ ઉદ્યોગકારો જોડાય તેવા પ્રયાસ છે.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે, આપણા ગુજરાતીઓ માટે આ તક નો લાભ લેવા માટેનો એક અમુલ્ય અવસર હોય અમેરીકા ખાતે યોજાનાર બિઝનેશ કોન્કલેવનો વધુમાં વધુ લાભ લેવા અને તેમા જોડાવવા અપીલ કરવામાં આવેલ. તેમજ રાજકોટ ચેમ્બર આમા મધ્યસ્થી રહી એસોસીએશનો અને ઉદ્યોગકારોને સાથે રાખીને આ બાબતે કોઈપણ માહિતી કે મદદની જરૂરીયાત હોય તો તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવેલ છે. સમગ્ર મિટીંગનું સંચાલન ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશનના મેમ્બરશ્રી ડો.પ્રદિપભાઈ કણસાગરાએ કરેલ.

## રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલ વર્ષ ૨૦૨૬–૨૭ માટેના બજેટને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજયના સર્વાંગી વિકાસ માની આવકાર....

ગુજરાત રાજયના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા સતત પાંચમી વખત વર્ષ ૨૦૨૬–૨૭ માટેનું આશરે ૪,૦૮,૦૫૩ કરોડનું વિક્રમી બજેટ રજુ કરવામાં આવેલ છે. વિકસીત ગુજરાત તરફ આગળ વધારવાના સંકલ્પને સાર્થક કરવા રાજય સરકાર દ્વારા રજુ કરાયેલ આ બજેટને સર્વાંગી વિકાસ માની રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ગુજરાત રાજયના આ બજેટને આવકારતા જણાવેલ કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિકસીત ભારત@૨૦૪૭ના વિઝનને સાર્થક કરવાના પ્રયાસમાં ગુજરાત સહભાગી બની રહયું છે. દેશના જીડીપી માં ગુજરાત રાજયનો ૮.૨% સિંહ ફાળો રહયો છે ત્યારે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન હોય રાજય સરકારએ આ વિકાસલક્ષી બજેટ આપીને તેમાં સુર પુરાવેલ છે. ખાસ કરીને MSME ને પ્રોત્સાહન આપવા માટે આ બજેટમાં આશરે ૧૭૭૫ કરોડ ફાળવવામાં આવેલ છે તે આવકારદાયક છે જે થકી ગુજરાત રાજયના તમામ MSME ઉદ્યોગકારોને સારૂ એવું બુસ્ટ મળશે.

રાજયના નાણામંત્રીશ્રીએ આ બજેટમાં દરેક ક્ષેત્રને આવરી લઈ કરોડો રૂપિયાની જોગવાઈ કરેલ છે. જેમાં સેમીકન્ડકટરને વધુ વેગ અપાશે, રીન્યુએબલ એનર્જીનો મહતમ ઉપયોગ કરાશે, જીઆઈડીસીઓને સ્માર્ટ બનાવાશે, નિકાસને પ્રોત્સાહન આપવા માટે "ગુજરાત એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલ" ની સ્થાપના કરાશે, સાહસિકતા અને ઉદ્યોગ સંશોધનો માટે રીસર્ચ પાર્કની સ્થાપના કરાશે, સ્ટાર્ટઅપ અને ટેકનોલોજી માટે રાજકોટ સહિત અન્ય ત્રણ જીલ્લાઓ ખાતે i-Hub રીજનલ સેન્ટરની સ્થાપના કરાશે, કિશાન ક્રેડિટ કાર્ડ અંતર્ગત વ્યાજ સહાય, અને નાના અને સિમાંત સહિતના તમામ ખેડુતો માટે કૃષિ યાંત્રીકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય થકી ખેડુતોને સારો એવો ફાયદો થશે, ટુરીઝમક્ષેત્રને વધુ ડેવલોપ કરાશે, ગુજરાત વાયર ફ્રી સીટી મિશન, નમો શકિત એકસપ્રેસ વે તથા સોમનાથ–દ્વારકા એકસપ્રેસ, હિરાસરને સેટેલાઈટ ટાઉન તરીકે વિકસાવાશે, વેલ્યુ એડિશન અને એગ્રો પ્રોસેસીંગ માટે ૬ નવા સેન્ટર ઓફ એકસલન્સીની જોહરાત, ઘરના ઘરનું સપનું સાકાર કરવા માટે ૩ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરાશે, ટેક્ષટાઈલ ઉદ્યોગોને વેગ આપવા માટે ટેક્ષટાઈલ પોલીસી સહાય, પ્રાકુતિક ખેતીને પ્રોત્સહન, ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર, મહિલા અને બાળ કલ્યાણ, સામાજીક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેર વિકાસ યોજના માટે આશરે ૧૬૧૧૬ કરોડની જોગવાઈ, માર્ગ અને મકાન વિભાગ માટે આશરે ૨૯૭૦૯ કરોડ અને શહેરી વિકાસ માટે આશરે ૩૩૫૦૪ કરોડ ફાળવવાથી ઈન્ફ્રાસ્ટ્રકચર વધુ ડેવલોપ થશે, પ્રાથમીક અને માધ્યમીક શિક્ષણ માટે આશરે ૬૩૧૮૪ કરોડ ફાળવી શિક્ષણને વધુ સુદ્રઢ બનાવવા ઉપર જોર અપાશે, આરોગ્ય અને પરીવાર કલ્યાણ, પંચાયત અને ગ્રામ્ય વિકાસ વિગેરે માટે કરોડોની જોગવાઈ કરી ગુજરાત રાજયની વિકાસગાથાને આગળ વધારવા માટે સરકાર કરીટબધ્ધ છે. આમ આ બજેટથી સાર્વત્રીક સ્તરે વિકાસ સાથે અને દેશના અર્થતંત્રના વિકાસમાં પણ સહભાગી બની રહેશે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રેલ્વેની મુંબઈ ખાતે ZRUCC ની મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો રજુ કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અને ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા વેસ્ટર્ન રેલ્વેની ઝોનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટીવ કમિટી (ZRUCC) ની મુંબઈ ખાતે તા.૧૭–૦૨–૨૦૨૬ ના રોજ મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરશ્રી પ્રદિપ કુમાર ને નીચે મુજબના વિવિધ પ્રશ્નો–સુચનો ધ્યાને મુકીને તેનું તાત્કાલીક નિરાકરણ લાવવા માટે રજુઆત કરવામાં આવેલ.

(૧) તેજસ એકસપ્રેસ(નં.૦૯૦૦૬) સાંજે ૬:૩૦ વાગ્યે જ ચાલતી હતી અને તેને બ્લોક મેઈન્ટેનન્સની સમસ્યા નડતી ન હતી. તેથી સૌરાષ્ટ્ર મેઈલનો તેનો મુળભુત સમય સાંજે ૬:૩૦ વાગ્યનો તાત્કાલીક કરી આપવો.

(૨) અગાઉ રેલ્વે મંત્રીશ્રીમતી દર્શનાબેન જરદોશ દ્વારા અમદાવાદથી ઉપડતી વિવિધ ૬ ટ્રેનો (1) Train No.19421/22 Ahmedabad- Patna Exp. (2) Train No.22967/68 Ahmedabad- Prayagraj Exp. (3) Train no.19413/14 Ahmedabad - Kolkata Exp. (4) Train No.11049/50 Ahmedabad – Kolhapur Exp. (5) Train No.22137/38 Nagpur – Ahmedabad Exp. (6) Train No.12917/18 Ahmedabad-Hazrat Nizamuddin Gujarat Sampark Kranti Exp. ને રાજકોટ સુધી લંબાવવા માટે જાહેરાત કરવામાં આવેલ હતી. પરંતુ હજુ સુધી આ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવેલ નથી. તો આ તમામ ૬ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવી.



(૩) અમદાવાદ–પુના–અમદાવાદ દુરન્તો એકસપ્રેસને રાજકોટ સુધી લંબાવવા માટે રેલ્વે મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવેલ હતી. પરંતુ હજુ સુધી આ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવામાં આવેલ નથી. તો આ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી.

(૪) રાજકોટ–હરિદ્વાર માટેની ઉતરાંચલ એકસપ્રેસ અઠવાડીયામાં માત્ર શુક્રવારે જ ઉપડે છે. તો મુસાફારોની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં રાખી ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેનને અઠવાડીયામાં ત્રણ વખત શરૂ કરવા અને હરિદ્વાર મેઈલને રાજકોટ સુધી તાત્કાલીક લંબાવવી.

(૫) દ્વારકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક મહત્વ ધરાવતા શહેરો હોય આ બન્ને શહેરો વચ્ચે કોઈપણ ડાયરેકટ ટ્રેન ઉપલબ્ધ નથી. તેથી ઓખા–અયોધ્યા–ઓખા વાયા મથુરા સપ્તાહમાં બે વખત ન્યું સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવી.

(૬) સમગ્ર પ્રવાસીઓની જરૂરીયાતને ધ્યાનમાં રાખી રાજકોટ–મુંબઈ–રાજકોટ માટે "વંદે ભારત" સ્લીપર ટ્રેન વહેલીતકે શરૂ કરવી.

(૭) રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોની સુવિધા માટે મુંબઈ સેન્ટ્રલ–હાપા દુરન્તો એકસપ્રેસને બોરીવલી ખાતે સ્ટોપ આપવો. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતને ધ્યાનમાં લઈ વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરશ્રી પ્રદિપ કુમાર એ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈમીગ્રેશનની સુવિધા અને ઈન્ટરનેશનલ ફલાઈટો તાત્કાલીક શરૂ કરવા અંગે કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

સૌરાષ્ટ્રના નજરાણા સમાન નિર્માણ પામેલ રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું તા.૨૭મી જુલાઈ ૨૦૨૩ ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ હસ્તે લોકોર્પણ કરવામાં આવેલ હતું. રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ઉદ્યોગો ખુબ જ વેગવંતા બન્યા છે. ત્યારે રાજકોટ ખાતે આશરે સવા બે લાખથી વધુ MSME એકમો કાર્યરત હોય અને આયાત–નિકાસ પણ દિન પ્રતિનિધિ વધી રહયું છે. સાથે જ સમગ્ર સૌરાષ્ટ્ર ઐતિહાસીક સ્થળોથી પથરાયેલું હોવાથી વિદેશીઓ સહિત અન્ય રાજયોના પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે. ત્યારે હાલમાં રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી આશરે ૨૬ જેટલી ડોમેસ્ટીક ફલાઈટોનું આવન–જાવન થઈ રહયું છે. ત્યારે રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નિર્માણ થવાને આશરે સવા બે વર્ષ થઈ ગયેલ હોય ઈન્ટરનેશનલ ફલાઈટો એક પણ ઉડાન ભરી રહી નથી. ત્યારે ઈન્ડીગો એરલાઈન્સ સાથે મૌખીક ચર્ચા થયા મુજબ તેઓ રાજકોટ–દુબઈ અને રાજકોટ–બેન્કોક માટેની ફલાઈટ શરૂ કરવા માટે તૈયાર છે પરંતુ ઈમીગ્રેશનની સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે તે શકય બની રહયું નથી. જયારે કસ્ટમ્સ કલીયરન્સની સંપુર્ણ પ્રક્રિયા પુર્ણ થઈ ગયેલ છે. વધુમાં રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈમીગ્રેશનની સુવિધા માટે અમદાવાદની Foreigners Regional Registration Office (FRRO) ની ટીમ દ્વારા છેલ્લા નવ માસ પહેલા સર્વે કરવામાં આવેલ હતો અને તેઓ દ્વારા જે સુચનો આપવામાં આવેલ હતા તે પ્રમાણે તમામ ફેરફારો પણ થઈ ગયેલ છે અને તાજેતરમાં જ ત્રણેક માસ પહેલા આ જ કંપની દ્વારા બીજીવાર પણ સર્વે કરવામાં આવેલ હતો અને તમામ વ્યવસ્થાઓ બરાબર હોવાનો અભિપ્રાય પણ આપેલ છે. પરંતુ આજ દીન સુધી ઈમિગ્રેશનની સુવિધા માટે ભારત સરકારના ગુહમંત્રાલય દ્વારા મંજુરી મળેલ નથી. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અગાઉ પણ ઈમીગ્રેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ભારત સરકારના કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહને પત્ર લખી રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહજી, ઉડયનમંત્રીશ્રી શ્રી કિન્નજારપ્પુ રામમોહન નાયડુજી, રાજયકક્ષાના ઉડયનમંત્રીશ્રી મુરલીધર મોહોલજી, ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સમક્ષ તાત્કાલીક અસરથી રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈમીગ્રેશનની સુવિધા શરૂ કરાવાવા માટે રજુઆત કરવામાં આવેલ છે. જેથી કરીને ઈન્ટરનેશનલ ફલાઈટો વ્હેલીતકે શરૂ થાય અને રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારો અને આમ પ્રજાને ઈન્ટરનેશનલ ફલાઈટોની સુવિધાનો લાભ મળી રહે.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, રાજકોટ બ્રાન્ચ ઓફ WIRC ઓફ ICAI, રાજકોટ ટેક્ષ કન્સલટન્ટ સોસાયટી તેમજ વિવિધ સંસ્થાના સંયુકત ઉપક્રમે યુનિયન બજેટ વર્ષ ૨૦૨૬–૨૭ અંગે જગવિખ્યાત કરવેરા સલાહકારશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું... જેમાં બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો અને ટેક્ષ નિષ્ણાંતો ઉપસ્થિત રહયા હતા...**




કેન્દ્રના નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા જાહેર કરાયેલ યુનિયન બજેટ વર્ષ ૨૦૨૬–૨૭ અંગેની સંપુર્ણ વિસ્તૃત અને સચોટ જાણકારી વેપાર–ઉદ્યોગકારો તથા આમપ્રજાને મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, રાજકોટ બ્રાન્ચ ઓફ WIRC ઓફ ICAI, રાજકોટ ટેક્ષ કન્સલટન્ટ સોસાયટી તથા વિવિધ સંસ્થાઓના સયુંકત ઉપક્રમે જગવિખ્યાત કરવેરા સલાહકાર, પ્રખર લેખક તથા વકતાશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય કાર્યક્રમનું તા.૦૪–૦૨–૨૦૨૬ ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો, CA-CS, ટેક્ષ નિષ્ણાંતો, સહિત વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા. તેમજ આ કાર્યક્રમમાં આર્ષ વિદ્યા મંદિર–મુંજકાના પ.પુ.સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતીજી, ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલટન્ટના પુર્વ પ્રમુખશ્રી ઉપેન્દ્રભાઈ ભટ તથા ગુજરાત ચેમ્બરની ટેક્ષેશન કમિટિના ચેરમેનશ્રી નયનભાઈ શેઠ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમની શરૂઆતે જગવિખ્યાત કરવેરા સહાકારશ્રી મુકેશભાઈ પટેલએ બજેટ વિશ્લેષણના સફળતાના ૫૦ વર્ષ પુર્ણ કરતા રાજકોટ ચેમ્બર, ICAI, RTCS, તથા વિવિધ સહયોગી સંસ્થાઓ દ્વારા મોમેન્ટો–બુકે–શાલથી તેમનું સન્માન કરીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આર્ષ વિદ્યા મંદિર–મુંજકાના પ.પુ.સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતીજીએ પણ પોતાના કરકમળથી શ્રી મુકેશભાઈ પટેલનું વિશિષ્ટ અભિવાદન કરીને આશિર્વાદ પાઠવેલ. ત્યારબાદ પ.પુ.સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતીજીએ પોતાના આશિર્વચન પાઠવી વેપાર–ઉદ્યોગકારો પોતાના ધંધામાં ઉતરોતર પ્રગતી સાધે તેવી શુભકામના પાઠવેલ.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવેલ કે, રાજકોટ ચેમ્બર ૭૨ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા હોય, વર્ષોની પ્રણાલી મુજબ દર વર્ષે કેન્દ્રીય બજેટ રજુ થતા જ વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાને બજેટ અંગેની સંપુર્ણ જાણકારી ગુજરાતી ભાષામાં સરળતાથી મળી રહે તેમજ બજેટથી કેટલા ફાયદાઓ થશે અને તેની કેવી અસર રહેશે તે માટે કાર્યક્રમ યોજી રહયું છે. સાથે જ વિવિધ સેકટરોને લગતા અલગ–અલગ અવરનેશ સેમીનારોનું આયોજન કરવામાં આવે છે તો તેનો પણ ખાસ લાભ લેવો. વધુમાં બજેટ સંદર્ભે અથવા કોઈપણ સેકટરને લગતા પ્રશ્નો–સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું.

જગવિખ્યાત કરવેરા સલાહકારશ્રી મુકેશભાઈ પટેલએ આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ તેમજ બજેટ વિશ્લેષણના ૫૦ વર્ષ પુર્ણ થવા માટે રાજકોટ ચેમ્બર સહિત તમામ સંસ્થાઓ દ્વારા જે સન્માન કરેલ છે તે બદલ આભારની લાગણી વ્યકત કરીને પોતાની આગવી શૈલીમાં મુદાસર બજેટની માહિતી આપતા જણાવેલ કે, આ વર્ષના બજેટમાં "વિકસીત ભારત@૨૦૪૭" ના રોડમેપ અને દેશના અર્થતંત્રને વધુ મજબુત બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરાયેલ છે. તાજેતરમાં ભારત–અમેરીકા વચ્ચે થયેલ વ્યાપારી સમજુતી કરારથી વેપાર–ઉદ્યોગકારોને ખુબ જ ફાયદો થશે અને આ એક ઐતીહાસીક નિર્ણય કહી શકાય. ભારત દેશ આજે વિશ્વના ૫ મજબુત ઈકોનોમી દેશોમાં સ્થાન મેળવી લીધું છે તે ગૌરવની બાબત છે. બજેટ અંગેના મુખ્ય મુદાઓ જેમ કે, મોટર એકસીડન્ટ એકટ, રીબેટ માટે 87A માં રાહત અંગે, રીટર્ન ફાઈલીંગ, જુના અને નવા આવકવેરા કાયદામાં કરાયેલ ફેરફારની સાથે જુનો ૧૯૬૧ નો કાયદો ૩૧મી માર્ચ ૨૦૨૬ થી પુરો થશે અને નવો વર્ષ ૨૦૨૫ નો કાયદો ૧લી એપ્રિલ ૨૦૨૬ થી લાગું થશે, ઈઝ ઓફ લીવીંગ, એસેસમેન્ટની જોગવાઈ, પ્રોવિડંટ ફંડની જોગવાઈ, TDS-TCS ની પ્રોસીઝર, NRI સેલર અને રેસીડેન્ટ બાયર માટેની જોગવાઈ, કંપની શેર વેચાણની સરળતા માટે ૧લી એપ્રિલ ૨૦૨૭ થી અમલી થનાર કાયદાની જોગવાઈ, શોર્ટ ટર્મ અને લોન્ગ ટર્મ કેપીટલ ગેઈન, રીવાઈઝ–અપડેટ અને લોશ રીટર્નની જોગવાઈ, સ્કુટીની નોટીસ અને રીસેસેમેન્ટ પ્રોસીઝર, રેશનલાઈઝેશન ઓફ કોર્પોરટ ટેક્ષ, મીનીમમ અલ્ટરનેટીવ ટેક્ષ, શેર રોકાણમાં STT માં કરાયેલ વધારા જેવી તમામ જોગવાઈઓ અંગે વિસ્તૃત જાણકારી આપેલ હતી. વધુમાં શ્રી મુકેશભાઈ પટેલએ આહવાન કરેલ કે, હાલના બજેટમાં આવકવેરા કાયદામાં જે સુધારા–વધારા કરવામાં આવ્યાં તેમાં ઘણી બધી વિસંગતતા હોય કેન્દ્રીય નાણામંત્રીશ્રીએ આ વિસંગતતાઓ ૩૧મી માર્ચ ૨૦૨૬ પહેલ દુર કરવી ખુબ જ જરૂરી છે. કારણ કે, ૧લી એપ્રિલ ૨૦૨૬ થી અમલી થનાર નવા આવકવેરા કાયદામાં આવી વિસંગતતાના કારણે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. ત્યારબાદ ઉપસ્થિત શ્રોતાગણો તરફથી બજેટ સંદર્ભે પુછાયેલ પ્રશ્નોના શ્રી મુકેશભાઈએ વિગતવાર જવાબો આપીને જરૂરી માગદર્શન આપેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ અને આભાર વ્યકત રાજકોટ બ્રાન્ચ ઓફ WIRC ઓફ ICAI ના ચેરમેનશ્રી રાજભાઈ મારવાણીયા કરેલ.

## ભારત–અમેરીકા વચ્ચે થયેલ વ્યાપારીક સમજુતી કરારને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સહર્ષ આવકારે છે... રાજકોટ–સૌરાષ્ટ્રના નિકાસકારોને થશે ફાયદો....

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ ઔદ્યોગીક હબ તરીકે ગણાય છે અને વિદેશી બજારોમાં રાજકોટના ઉત્પાદનોની મજબુત માંગ છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી અમેરીકાના ૫૦% ના વધારાના ટેરીફ દરના કારણે રાજકોટ–સૌરાષ્ટ્રના MSME તેમજ નિકાસકારોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો હતો અને અમેરીકન માર્કેટમાં ઓર્ડરો ઘટતા આર્થિક નુકશાન સહન કરવું પડયું હતું. ખાસ કરીને એન્જીનીયરીંગ ગુડસ, ઓટો પાર્ટસ, એગ્રીકલ્ચર પ્રોડકટસ, ટેકસટાઈલ, કાસ્ટીંગ સહિત અન્ય ઉદ્યોગો પર તેની ગંભીર અસર પહોંચી હતી. ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અમેરીકાના વધારાના ટેરીફ દરના કારણે નિકાસકારોને જે અસહય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો હતો તે અંગે તેમજ છેલ્લા છ મહિનામાં આશરે ૩૫% જેટલા નિકાસમાં થયેલ ઘટાડાની આંકડાકીય માહિતી આપીને નિકાસને વેગવંતુ બનાવવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ હતી.

આમ અમેરીકા દ્વારા ૫૦% ના બદલે ૧૮% ટેરીફ દર માટેની ટ્રેડ ડીલની જાહેરાત કરીને ભારત–અમેરીકા વચ્ચેના થયેલ વ્યાપારીક સમજુતી કરારને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સહર્ષ આવકારે છે. તેમજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી તથા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજીને હાર્દિક અભિનંદન પાઠવે છે. બન્ને દેશોના સમજુતી કરાર થકી અમેરીકા માટેની નિકાસ ફરી ગતિ પકડશે. તેમજ તેની સાથે યુરોપ સહિત અન્ય વૈકલ્પીક બજારોમાંથી પણ નવા ઓર્ડરો મળવાની આશા છે. તેથી નિકાસકારોને ડબલ લાભ થશે. નિકાસમાં વધારાથી માત્ર ઉદ્યોગોને જ નહીં પરંતુ રોજગારી સર્જન અને ઉત્પાદનમાં પણ સકારાત્મક અસર પડશે. સાથે સાથો ભારતીય અર્થતંત્રને પણ વધુ વેગ મળશે. સરકારશ્રીની સહાયક નીતિઓ અને વૈશ્વીક સ્તરે સ્થિતરતા રહે તો આવનારા સમયમાં રાજકોટ–સૌરાષ્ટ્રની નિકાસ નવી ઉંચાઈઓ સર કરશે. આમ આ સમજુતી કરાર બન્ને દેશો વચ્ચેના વ્યપારીક સબંધોને વધુ મજબુત બનાવશે તેમજ દ્વિપક્ષીય વેપાર અને રોકાણ માટેના નવા અવસરો ઉભા કરશે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૨૬–૨૭ ના કેન્દ્રીય બજેટને સર્વાંગી વિકાસ માની આવકાર...




કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા વર્ષ ૨૦૨૬–૨૭ નું નવમું સંપર્ણુ બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સર્વાંગી વિકાસ માની આવકારે છે. ભારતની અર્થવ્યવસ્થા મજબુત બની છે તેમજ વિકસીત ભારત@૨૦૪૭નો રોડમેપ તૈયાર કરાયેલ છે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, સહમંત્રીશ્રી ઉતસવભાઈ દોશી, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા તથા તમામ કારોબારી સભ્યોએ આ બજેટને આવકારતા જણાવેલ કે, આ બજેટમાં તમામ વર્ગોનો સમાવેશ કરાયેલ છે. ખાસ કરીને રાજકોટ ચેમ્બરની જે માંગણી હતી કે MSME એકમોને વધુમાં વધુ બુસ્ટ આપવું તે માંગણી મહદઅંશે સ્વીકારેલ છે. આમ MSME ભારતનું ગ્રોથ એન્જીન હોય MSME ને પ્રોત્સાહીત કરવા માટે આશરે ૧૦ હજાર કરોડ ફાળવવામાં આવેલ છે તે આવકારદાયક છે. જેનાથી રાજકોટ–સૌરાષ્ટ્રના MSME એકમોનો વધુ વિકાસ થશે. વધુમાં સરકારશ્રીને કોઈપણ ખરીદી કરવાની થાય ત્યારે તે ડાયરેકટ MSME પાસેથી ખરીદી કરશે જે MSME ને બુસ્ટ આપવાનુંરૂ પગલુ ગણી શકાય. સાથો સાથ જામનગર ખાતે WHO ના આયુર્વેદીક પરીક્ષણ કેન્દ્ર અપગ્રેડ કરાવાની જે જાહેરાત કરી છે તે સમગ્ર સૌરાષ્ટ્ર માટે આવકારદાયક છે.

આ બજેટમાં શહેરી વિકાસ, ગ્રામીણ, અર્થવ્યવસ્થા, ઉદ્યોગો, આવાસ, ગરીબ, મહિલા, કિશાન, આરોગ્ય વિગેરે પર વધુ ફોકસ કરવામાં આવેલ છે. ખાસ કરીને અર્થવ્યવસ્થાને વધુ મજબુત બનાવવાનો પ્રયાસ કરાશે, વિકસીત ભારત તરફ મજબુત પગલા લેવામાં અગ્રેસર રહેશે, ઈન્ફ્રસ્ટ્રકચર ડેવલોપ ઉપર વધુ ફોકસ, રોજગાર સર્જન, AI નો વધુ ઉપયોગ, યુવાઓ, મહિલાઓ, ખેડુતો, ગરીબોને વધુમાં વધુ લાભ મળે, નિકાસને વધુ વેગ આપવો અને કન્ટેઈનર નિર્માણ માટે ૧૦ હજાર કરોડ, ભારત દેશને બાયોફાર્માનું હબ બનાવવા માટે આ સેકટર માટે ૧૦ હજાર કરોડ, સૌથી મોટું ટેક્ષટાઈલ પાર્કનું નિર્માણ, તેમજ ટેક્ષટાઈલ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે મહાત્મા ગાંધી હેન્ડલુમ યોજના, મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ યોજના, ટુરીઝમનો વધુ વિકાસ કરાશે અને નવા ટ્રેનીંગ સેન્ટર શરૂ કરાશે, માળખાકીય સુવિધા માટે ૧૨.૨ લાખ કરોડ, ઈલેકટ્રોકનીકસ નિર્માણ માટે ૪૦ હજાર કરોડ, આત્મનિર્ભર ભારત ટોપ–અપ માટે બે હજાર કરોડ, દુલર્ભ ખનીજ કોરીડો માટે રાજયોને મદદ, સેમીકન્ડકટર ૨.૦ મીશનનું લોન્ચ, ૭ હાઈસ્પીડ રેલ કોરીડોર, સોલારથી જોડાયેલ વસ્તુઓ સસ્તી થશે, ત્રણ નવી AIMS નું નિર્માણ, વિદેશી યાત્રા સસ્તી કરાશે, જીલ્લાની હોસ્પીટલોને વધુ અપગ્રેડ કરાશે, કેન્સર–ડાયાબીટીસ સહિત ગંભીર રોગોની દવાઓ સસ્તી કરાશે, બેન્કીંગ સિસ્ટમ માટે ઉચ્ચસ્તરીય સમિતિની રચના, નવો ઈન્કમટેક્ષ કાયદો સરળ કરીને ૧લી એપ્રિલથી ૨૦૨૬ લાગુ કરાશે, ITR-1 અને ITR-2 ૩૧ જુલાઈ સુધી ભરી શકશે, ટેકસમાં ગડબડી માટે સજા નહી માત્ર દંડ જેવી જોગવાઈઓ રજુ કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાની ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશનમાં સૌરાષ્ટ્રના કન્વીનર તરીકે નિમણુંક કરવામાં આવી...

ભારત સરકારના વાણિજય મંત્રાલય દ્વારા સ્થાપિત દેશની અગ્રણી નિકાસ સંસ્થા ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશનની રીજનલ એડવાઈઝરી કમિટિમાં સૌરાષ્ટ્રના કન્વીનર તરીકે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાની નિમણુંક કરવામાં આવી છે. આમ આ નિમણુંકથી રાજકોટ–સૌરાષ્ટ્રના નિકાસકારો અને MSME એકમોને નિકાસને લગતા પ્રશ્નોને વાચા મળશે. તેમની આ નિમણુંક થવાથી રાજકોટ–સૌરાષ્ટ્રવાસીઓ માટે ગૌરવની બાબત છે સાથે જ ચારેય તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવી રહી છે.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર–ઉદ્યોગકારોને નિકાસને લગતા કે અન્ય કોઈપણ પ્રશ્નો–સુચનો હોય તો તે મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. જેથી તેની ઉચ્ચકક્ષાએ રજુઆત કરી યોગ્ય નિરાકરણ લાવી શકાય.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટેકનિકલ એરરને કારણે નિકાસકારોના અટકાયેલા IGST રિફંડ પરત આપવાની પક્રિયા ઝડપથી પુર્ણ કરવા મુંદ્રા કસ્ટમ્સ કમિશ્નરશ્રી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવી...

રાજકોટ–સૌરાષ્ટ્રના નિકાસકારોને પડી રહેલી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હર હંમેશ અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. નિકાસકારો ભારત દેશના અર્થતંત્રને વધુ મજબુત બનાવવા માટે ખુબ જ મહત્વપુર્ણ યોગદાન આપી રહયું છે. તેમજ વિદેશી મુડી રોકાણ અને રોજગાર સર્જનમાં અગ્રેસર રહે છે.

હાલમાં ટેકનિકલ એરરને કારણે હજારો નિકાસકારોના લાખો–કરોડોના IGST રીફંડ અટકાયેલા છે. જેના કારણે નિકાસકારોને ગંભીર નાણાંકીય નુકશાની સામનો કરવો પડી રહયો છે. તેમજ વર્કિંગ કેપીટલ અટવાઈ જતા ઓર્ડરો સમયસર પુર્ણ કરવાનું પણ મુશ્કેલ બની રહયું છે. આમ નિકાસકારોને ભોગવવી પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા મુંદ્રા કસ્ટમ્સ કમિશ્નરશ્રીને ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે કે, આવા નિકાસકારોના તાત્કાલીક નવા સ્ક્રોલ જનરેટ કરી અટકાયેલા IGST રીફંડ પરત આપવાની પ્રક્રિયા ઝડપથી પુર્ણ કરવી. જેથી કરીને તેઓ ઉપર આર્થિક ભારણ ન પડે અને સમયસર નિકાસ પ્રક્રિયા ચાલુ રહે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સમક્ષ વેપાર–ઉદ્યોગોને લગતા વિવિધ પ્રશ્નોની ધારદાર રજુઆત કરવામાં આવી...

રાજકોટ ખાતે રાજયના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતામાં ઉદ્યોગોના વિવિધ પ્રશ્નોની ચર્ચા–વિચારણા માટે સયુંકત મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. ત્યારે રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ ચેમ્બરો અને એસોસીએનોને આ મિટીંગમાં ઉપસ્થિત રહેવા ખાસ આમંત્રણ આપેલ હતું. જેમાં ભાવનગર ચેમ્બર, જામનગર ચેમ્બર, જુનાગઢ ચેમ્બર, પોરબંદર ચેમ્બર તેમજ રાજકોટના વિવિધ સેકટરના ૩૦ જેટલા એસોસીએશનો ઉપસ્થિત રહયા હતા.

આ મિટીંગમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજયના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સમક્ષ નીચે મુજબ વેપાર–ઉદ્યોગકારોને લગતા વિવિધ પ્રશ્નોની ધારદાર રજુઆત કરવામાં આવેલ હતી.

(૧) રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે કસ્ટમ્સ કલીયરન્સની પ્રક્રિયા પુર્ણ થઈ ગયેલ છે. ત્યારે ઈમિગ્રેશનની પ્રક્રિયા તાત્કાલીક અસરથી પુરી કરવી અને જાન્યુઆરી મહિનાના અંત સુધીમાં ઈન્ટરનેશનલ ફલાઈટો શરૂ કરાવવી ખાસ જરૂરી છે.

(૨) સમગ્ર દેશમાં વન નેશન વન ટેક્ષના નિર્ણયના ભાગરૂપે વર્ષ ૨૦૧૭ માં GST નું અમલીકરણ થયેલ છે. ત્યારે દેશના અન્ય ઘણાં રાજયોમાં પ્રોફેશનલ ટેક્ષ વસુલવામાં આવતો નથી. તેથી સમગ્ર ગુજરાત રાજયમાથીં વ્યવસાય વેરો સંપુર્ણ પણે નાબુદ કરવો.

(૩) ડિફેન્સ એન્ડ એરોસ્પેસ પોલીસીને બુસ્ટ આપવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર આ સેકટરને ખુબ જ પ્રોત્સાહીત કરી રહયું છે. રાજકોટ એ ડિફેન્સ અને એરોસ્પેસના ઘણા બધા પાર્ટસનું ઉત્પાદન કરી રહયું છે અને હબ ગણાય છે. ત્યારે સૌરાષ્ટ્ર રીજીઓનનો ડિફેન્સ એન્ડ એરોસ્પેસ પોલીસીમાં સમાવેશ કરી જંત્રીના ૨૫% દરે જમીન ફાળવવી. જેથી કરીને આવા ઉદ્યોગોને વેગ મળે. તેમજ ભારત સરકારની ડિફેન્સ અને એરોસ્પેસના સાધનો એકસપોર્ટ કરવાની જે નેમ છે એ નેમને સાર્થક કરવામાં રાજકોટ–સૌરાષ્ટ્ર સહભાગી બની રહેશે. વધુમાં રાજકોટમાં આશરે એક હજારથી પણ વધુ ફોર્જીંગ અને કાસ્ટીંગના યુનીટો આવેલા હોય ત્યારે સરકારી સુવિધા માટે રાજકોટ ખાતે ડિફેન્સ અને એરોસ્પેસ માટેનું કલ્સ્ટર ડેવલોપ કરવું ખુબ જ જરૂરી છે. જેથી કરીને આવા ઉદ્યોગને વધુ વેગ મળે.

(૪) રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ઝડપથી સ્થાપવું ખુબ જ જરૂરી છે. જેથી કરીને વેપાર–ઉદ્યોગોનો વ્યાપ વધે. સાથે જ આ વખતે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ અન્ય સ્થળે જે કરવું પડયું તે આગામી સમયમાં રાજકોટ ખાતે ડેવલોપ થયેલા કન્વેન્શન સેન્ટરમાં જ કરી શકાય.

(૫) રાજકોટ એ સૌરાષ્ટ્રનું ઈન્ડસ્ટ્રીયલ હબ હોય તેમજ દિન–પ્રતિદીન નિકાસ વધી રહયું હોય ત્યારે રાજકોટ ખાતે ઈનલેન્ડ કન્ટેઈનર ડેપો (ICD) સ્થાપવું ખુબ જ જરૂરી છે. જેથી કરીને આયાત–નિકાસકારોને વધુ વેગ મળી શકે.

(૬) દેશના અન્ય રાજયોએ તેમની ઔદ્યોગીક નીતીમાં ઘણું સરળીકરણ કર્યું છે. ત્યારે ગુજરાત રાજય દેશનું ગ્રોથ એન્જીન માનવામાં આવે છે. તેથી અન્ય રાજયો કરતા ગુજરાત રાજયની નવી ઔદ્યોગીક નીતીમાં સુધારા–વધારા કરી વધારે સરળ કરવી ખુબ જ જરૂરી છે.

(૭) કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર સોલાર પ્રોજેકટને ખુબ જ મહત્વ આપી રહી છે. ત્યારે ગુજરાતમાં સોલાર પોલીસીમાં સરળીકરણ કરી બિલીંગ સાઈકલની અગેઈન્ટસમાં બેન્કડ એનર્જી ૩૦% ના બદલે ૧૦૦% કરી આપવું. જેથી કરીને સોલાર પ્રોજેકટોને બુસ્ટ મળે.

વધુમાં રાજય સરકારશ્રી દ્વારા પ્રથમવાર રાજયના ચાર પ્રદેશોમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજીનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહયું છે. ત્યારે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે ગણવામાં આવે છે અને આશરે સવા બે લાખથી વધુ MSME કાર્યરત છે. ત્યારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ હસ્તે આગામી ૧૧ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારવાડી યુનિવર્સીટી રાજકોટ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રીજીઓનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર–કચ્છ)નું ઉદઘાટન થનાર છે. જેનાથી સોનામાં સુગંધ ભળશે અને રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓ માટે આ એક ગૌરવની બાબત છે. ત્યારે આ વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ થકી રાજકોટ સહિત સૌરાષ્ટ્રના તમામ વેપાર–ઉદ્યોગો, નિકાસકારો, MSME સહિત તમામ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ થશે અને આંતરરાષ્ટ્રિય સ્તરે તેમના બિઝનેશને વધુ વેગ મળશે. આમ રાજકોટના આંગણે ૧૧ થી ૧૨ જાન્યુઆરીના રોજ આ વાઈબ્રન્ટ ગુજરાત રીજીઓનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર–કચ્છ)નું આયોજન થઈ રહયું છે ત્યારે રાજકોટ–સૌરાષ્ટ્રના તમામ વેપાર–ઉદ્યોગકારોને ખાસ લાભ લેવા રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા અપીલ કરવામાં આવેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત... નિકાસકારોને પ્રોત્સાહન આપતી Interest Equalization Scheme ફરીથી શરૂ કરવામાં આવેલ...

કેન્દ્ર સરકાર દ્વારા MSME ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાં આવે છે. આ સ્કિમ તા.૩૧–૧૨–૨૦૨૪ ના રોજ પુરી થઈ હતી. ત્યારબાદ આ સ્કીમની સમય મર્યાદા વધારવામાં આવેલ ન હતી અને તા.૦૧–૦૧–૨૦૨૫ થી આ સ્કિમ સ્થગીત થઈ ગયેલ હોવાથી નિકાસકારોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી હતી.

ત્યારે નિકાસકારોને ભોગવવી પડતી મુશ્કેલીઓ અને વૈશ્વીક પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજીને છેલ્લા એક વર્ષથી Interest Equalization Scheme ફરીથી શરૂ કરવા રજુઆતો કરવામાં આવી રહી હતી. આમ આ રજુઆતને સફળતા મળેલ છે અને સરકારશ્રી દ્વારા આ સ્કિમને ફરથી શરૂ કરવામાં આવેલ છે અને તેની સમય મર્યાદા નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ થી લઈને વર્ષ ૨૦૩૦–૩૧ સુધીની રહેશે તેમજ આ અંગેની સંપુર્ણ માહિતી સાથેની ગાઈડ લાઈન રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ટુંક સમયમાં બહાર પાડવામાં આવશે. આ સ્કિમનું ફરીથી અમલીકરણ થવાથી નિકાસકારોને ખુબ જ ફાયદો થશે. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆત માન્ય રાખી Interest Equalization Scheme ફરીથી શરૂ કરવા બદલ કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજીનો સહર્ષ આભાર વ્યકત કરવામાં આવે છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ડિવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટિ (DRUCC) ની મળેલ મિટીંગમાં રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો–સુચનો રજુ કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ વેસ્ટર્ન રેલ્વેની ડિવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટી (DRUCC) ની તા.૨૪–૧૨–૨૦૨૫ ના રોજ મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે રાજકોટ વેર્સ્ટન રેલ્વે ડિઆરએમશ્રી ગીરીરાજ કુમાર મીના તથા DRUCC-સેક્રેટરી અને સિનીયર ડિસીએમશ્રી સુનિલકુમાર મિનાને નીચે મુજબના રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો–સુચનો રજુ કરવામાં આવેલ.

(૧) સૌરાષ્ટ્ર મેઈલ અને સૌરાષ્ટ્ર જનતા વચ્ચે માત્ર અડધો કલાકનો જ ફેર છે. ખાસ તો "તેજસ એકસપ્રેસ" સ્પેશ્યલ ટ્રેન શરૂ કરેલ હતી અને ભીડનો અભાવ રહયો ન હોત અને તે પણ સાંજે ૬:૩૦ વાગ્યે જ ઉપડતી હોય તો સૌરાષ્ટ્ર મેઈલ કાયમી તેના મુળભુત સમયે સાંજે ૬:૩૦ વાગ્યે ઉપડતી હતી તે મુજબ રાખવા ખાસ અનુરોધ છે.



(૨) અગાઉ રેલ્વે મંત્રીશ્રીમતી દર્શનાબેન જરદોશ દ્વારા અમદાવાદથી ઉપડતી વિવિધ ૬ ટ્રેનો (1) Train No.19421/22 Ahmedabad- Patna Exp. (2) Train No.22967/68 Ahmedabad- Prayagraj Exp. (3) train no.19413/14 Ahmedabad - Kolkata Exp. (4) Train No.11049/50 Ahmedabad – Kolhapur Exp. (5) Train No.22137/38 Nagpur – Ahmedabad Exp. (6) Train No.12917/18 Ahmedabad-Hazrat Nizamuddin Gujarat Sampark Kranti Exp.ને રાજકોટ સુધી લંબાવવા માટે જાહેરાત કરવામાં આવેલ હતી. પરંતુ હજુ સુધી આ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવેલ નથી. તેમજ રેલ્વેને આ બાબતે કોઈપણ જાતની નુકશાની થતી ન હોવાથી આ તમામ ૬ ટ્રેનોને રાજકોટ સુધી તાત્કાલીક લંબાવવી.

(૩) અમદાવાદ–પુના–અમદાવાદ દુરન્તો એક્સપ્રેસને રાજકોટ સુધી લંબાવવા માટે રેલ્વે મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવેલ હતી. પરંતુ હજુ સુધી આ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવામાં આવેલ નથી. રાજકોટ અને પુના બન્ને શહેરો ઓટોપાર્ટસ મેન્યુફેક્ચરીંગ હબ તરીકે જાણીતા છે. ત્યારે આ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

(૪) રાજકોટ–દ્વારકા વચ્ચે સ્પેશ્યલ મેમુ ટ્રેન શરૂ કરવી.

(૫) રાજકોટ–મુંબઈ માટે "વંદે ભારત" સ્લીપર ટ્રેન શરૂ કરવા માટે યોગ્ય સ્તરે ખાસ રજુઆત કરવી. આમ રાજકોટ ચેમ્બર દ્વારા રજુ કરાયેલ વિવિધ પ્રશ્નો–સુચનો અંગે ડીઆરએમશ્રી ગીરીરાજકુમાર મીનાએ હાકારાત્મક અભિગમ દાખવી યોગ્ય કરવા ખાત્રી આપેલ હતી.

# રશિયાના રાષ્ટ્રપતિની ભારતની મુલાકાત, બન્ને દેશો વચ્ચે થયેલ વેપાર કરારો, RBI દ્વારા ઘટાડવામાં આવેલ રેપો રેટથી રાજકોટ–સૌરાષ્ટ્રના MSME અને નિકાસકારોને ફાયદો થશે... રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સહર્ષ આવકાર...

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનજીની ભારત દેશની બે દિવસની સફળ મુલાકાતને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સહર્ષ આવકાર સાથે અભિનંદન પાઠવે છે. આ મુલાકાત થકી બન્ને દેશોના સબંધો વધુ મજબુત બનશે તેમજ ભારત અને રશિયા વચ્ચે જુદા જુદા ક્ષેત્રે કુલ ૧૯ જેટલા કરારો થવાથી આવનારા વર્ષોમાં બન્ને દેશો વચ્ચે આશરે ૧૦૦ અબજ ડોલરનો વેપાર પહોંચાડવાનું જે લક્ષ્ય ધારણ કરાયેલ છે તે ખરેખર આવકારદાયક છે. જેમાં ઉદ્યોગ, મશીન ઉત્પાદન ડિઝીટલ ટેકનોલોજી, વિજ્ઞાન અને અવકાશ સંસોધનો, હેલ્થ, ફુડ સેફટી, પ્રવાસન, ખાતર, સરંક્ષણ, શિપ બિલીંગ વિગેરે અનેક ક્ષેત્રોમાં વૃધ્ધિ થશે. તેમજ રાજકોટ–સૌરાષ્ટ્રના MSME અને ખાસ કરીને વૈશ્વીક સ્પર્ધામાં ઝડપથી આગળ વધવા માટે નિકાસકારોને વેગ મળવાની સાથે નવી ઉંચાઈઓ સર કરશે. તેમજ ભારત દેશના અર્થતંત્રને પણ વેગ મળ શે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જયારથી દેશની કમાન સંભાળેલ ત્યારથી ભારત દેશએ વિકાસની હરણફાળ ભરી છે. ત્યારે આ મુલાકાત દરમ્યાન આંતરરાષ્ટ્રિય નોર્થ–સાઉથ ટ્રાન્સપોર્ટ કોરીડોર(INSTC) પ્રોજેકટ શરૂ થતા ભારત અને રશિયાના પરિવહન સમય તેમજ ખર્ચમાં આશરે ૩૦% થી ૪૦%નો ધટાડો થશે. જેનાથી નિકાસકારો તેમજ ઉદ્યોગકારોને ખુબ જ ફાયદો થશે. ભારત દેશએ સમગ્ર વિશ્વમાં આજે પોતાની આગવી છાપ ઉભી કરીને "આત્મનિર્ભર ભારત" તરીકે પ્રસ્થાપીત થયું છે. જે ખરેખર માનનીય વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં જ સાર્થક થયું છે. આવનારા દિવસોમાં "વિકસીત ભારત@૨૦૪૭" ના સ્વપ્નને સાર્થક કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હરહંમેશ સહયોગ આપતું રહેશે.

સાથો સાથ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ દેશના અર્થતંત્રને વધુ વેગવંતુ રાખવા માટે રેપો રેટમાં ૦.૨૫% નો ઘટાડો કરીને ૫.૨૫% કર્યો છે. આમ આ વર્ષે રેપો રેટમાં સતત ચાર વખત ઘટાડો કરીને વેપાર–ઉદ્યોગો અને આમ જનતાને ખુબ જ મોટી રાહત આપેલ છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના આ હિતલક્ષી નિર્ણયને આવકારીએ છીએ. આ રેપો રેટના ઘટાડાથી વિવિધ ક્ષેત્રોની લોન સસ્તી થશે ખાસ કરીને હાઉસીંગ લોન સસ્તી થવાથી EMI માં ઘટાડો થશે તેમજ ધિરાણ લેનારાઓને પણ ફાયદો થશે. વધુમાં અમેરીકા દ્વારા લાગુ કરવામાં આવેલ અસહય વધારાના ટેરીફ દરને કારણે તમામ ઔદ્યોગીકક્ષેત્રો અને ખાસ કરીને નિકાસકારોને તીવ્ર નુકશાનીનો સામનો કરવો પડી રહયો છે. ત્યારે આ રેપો રેટના ઘટાડાથી નિકાસકારોને ખુબ જ સારો એવો ફાયદો થશે અને દેશના નિકાસકારોને વધુ વેગ મળશે તેમજ આર્થિક વૃધ્ધિ દરમાં પણ વધારો થશે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા EPFO તથા ESIC ના સંયુકત ઉપક્રમે "પ્રધાનમંત્રી વિકસીત ભારત રોજગાર યોજના, કર્મચારી નોંધણી યોજના અને માલિકો/કર્મચારીઓની નોંધણી પ્રોત્સાહન યોજનાઓ" અંગે અવરનેશ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન(EPFO) તથા એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન(ESIC) ના સંયુકત ઉપક્રમે "પ્રધાનમંત્રી વિકસીત ભારત રોજગાર યોજના(PMVBRY), કર્મચારી નોંધણી યોજના(EEC-2025) અને માલિકો/કર્મચારીઓની નોંધણીને પ્રોત્સાહન આપતી યોજના(The SPREE 2025)" અંગે અવરનેશ સેમીનારનું તા.૧૭–૧૧–૨૦૨૫, સોમવારના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં EPFO ના રીજીઓનલ પીએફ કમિશ્નરશ્રીમતી કાન્તા દેવી મોટવાણી, એન્ફોર્સમેન્ટ ઓફિસરશ્રી મોહિત છાજેર તથા ESIC ના બ્રાન્ચ મેનેજરશ્રી છેરીંગ સમ્ફેલ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપેલ. સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા તથા EPFO ના એન્ફોર્સમેન્ટ ઓફિસરશ્રી મોહિત છાજેરએ સૌને આવકારેલ અને તેમજ આ સેમીનારનું આયોજન કરવા અંગે રાજકોટ ચેમ્બર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ તેમજ આ યોજનાઓ અંગે કોઈપણ પ્રશ્નો કે સમસ્યા હોય તો EPFO ઓફિસનો સંપર્ક કરવા જણાવેલ.

ત્યારબાદ EPFO એકાઉન્ટ ઓફિસર કું.અભિલાષા ચૌધરીએ પ્રધાનમંત્રી વિકસીત ભારત રોજગાર યોજના(PMVBRY) અંગે જાણકારી આપતા જણાવેલ કે આ યોજના ૧લી ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ શરૂ કરવામાં આવેલ છે અને ૩૧–૦૭–૨૦૨૭ ના રોજ પુર્ણ થશે. આ સમયગાળા દરમ્યાન કંપનીઓએ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન તારીખથી મેન્યુફેકચરીંગ કરતી કંપનીઓને ચાર વર્ષ સુધીનો લાભ મળશે. મેન્યુફેકચરીંગ સિવાય અન્ય કંપનીઓને રજીસ્ટેશન તારીખથી બે વર્ષનો લાભ મળશે. સરકારશ્રી દ્વારા આ સ્કિમને બે ભાગમાં વહેંચણી કરેલ છે. EPFO માં દાખલ થયે A ભાગમાં કર્મચારીને દાખલ તારીખથી એક વર્ષ સુધી કંપનીમાં કામ કરશે તો બે ઈન્સ્ટોલમેન્ટમાં રૂા.૧૫૦૦૦/–

વળતર એક વખત આપવામાં આવશે. તેમજ ELI સ્કીમ અંતર્ગત B ભાગમાં રોજગાર આપતી કંપનીને આશરે વધુમાં વધુ રૂા.૩૦૦૦/– સુધીનું વળતર આપવામાં આવશે. તેમજ EPFO એકાઉન્ટ ઓફિસરશ્રી મયંક ગીરીએ કર્મચારી નોંધણી યોજના (EEC-2025) અંગે જણાવેલ કે, આ સ્કીમ ૧લી નવેમ્બર ૨૦૨૫ ના શરૂ થયેલ છે અને ૩૦–૦૪–૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જેમાં જુલાઈ ૨૦૧૭ થી ઓકટોબર ૨૦૨૫ ની વચ્ચેના સમયગાળામાં જુના કર્મચારીઓ જુનો પીએફ ભરી શકશે અને તેમાં તેઓને પેનલ્ટીમાંથી માફી મળશે.

ત્યારબાદ ESIC ના બ્રાન્ચ મેનેજરશ્રી છેરીંગ સમ્ફેલએ જણાવેલ કે, માલિકો/કર્મચારીઓની નોંધણીને પ્રોત્સાહન આપતી યોજના(The SPREE 2025)" અંતર્ગત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન હદમાં આવતી બધી કંપનીમાં ૧૦ અથવા ૧૦ કરતા વધારે કર્મચારી હોય તો તેને આ સ્કીમ લાગુ પડશે તેમાં પણ અત્યારે ESIC માં રજીસ્ટ્રેશન કરાવે તો તેઓના ભુતકાળના રેકોર્ડસ ચેક કરવામાં નહીં આવે. તેમજ ESIC માં કોર્ટ કેસ ચાલુ હોય તો તેવા કેસમાં વ્યાજ માફી મળશે. તેમજ ઉપસ્થિત શ્રોતાગણો દ્વારા પુછાયેલ વિવિધ પ્રશ્નોનું અધિકારશ્રીઓ દ્વારા યોગ્ય પ્રત્યુતર આપેલ હતા.

વધુમાં રાજકોટ કોર્પોરેશન હદમાં ભળેલ નવા ઈન્ડસ્ટ્રીયલ એરીયાને ESIC લાગુ પડતી હોય આ તમામ ઉદ્યોગકારોએ ESIC નો લાભ લઈ કર્મચારીઓની નોંધણી ખાસ કરાવવી જોઈએ જેથી કરીને ભવિષ્યમાં કાયદાકીય મુશ્કેલીમાંથી બચી શકાય તેવો રાજકોટ ચેમ્બર દ્વારા આગ્રહ કરવામાં આવેલ. આમ સમગ્ર સેમીનારનું સંચાલન અને ઉપસ્થિત અધિકારશ્રીઓ અને શ્રોતાગણોનો આભાર વ્યકત રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ કરેલ અને આ સેમીનારને સફળ બનાવવા માટે ESIC કમિટિ મેમ્બરશ્રી પરાગભાઈ ડોડીયાએ જહેમત ઉઠાવેલ હતી.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અમેરીકાએ લાગુ કરેલ અસહય ટેરીફ દરના વધારાના કારણે નિકાસકારોને થયેલ નુકશાની અંગે પુરતા રાહત–પેકેજ તાત્કાલીક જાહેર કરવા ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

ભારત દેશ નિકાસક્ષેત્રે ખુબ જ નોંધપાત્ર પ્રગતિ કરી રહી રહયું છે તેમજ સરકારશ્રી દ્વારા નિકાસકારોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ત્યારે અમેરીકા દ્વારા તાજેતરમાં લાગુ કરવામાં આવેલ અસહય વધારાના ટેરીફ દરને કારણે તમામ ઔદ્યોગીકક્ષેત્રો અને ખાસ કરીને નિકાસકારોને તીવ્ર નુકશાનીનો સામનો કરવો પડી રહયો છે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા છેલ્લા ૬ મહિનાનો તૈયાર કરાયેલ રાજકોટ તથા આસપાસના વિસ્તારનો અંદાજીત USA નિકાસ દરના ડેટા મુજબ મે–૨૦૨૫ માં આશરે ૬૦% નિકાસદર હતો જે ડોલરમાં રૂપાંતર કરતા ૫૯૫૪૦૨૭.૫૭ થયેલ છે આ જ નિકાસદર ઓકટોબર–૨૦૨૫ માં ઘટીને ૩૫% ની સાથે ડોલરમાં રૂપાંતર કરતા ૩૫૩૧૧૧૨.૪૧ થઈ ગયેલ છે. આમ લગભગ ૨૫% અને આશરે ૨૫ લાખ ડોલર જેટલો તીવ્ર ઘટાડો જોવા મળેલ છે. હજુ પણ આવનારા દિવસોમાં આ નિકાસદર ઘટવાની સાથે ખુબ જ નુકશાનકારક સાબીત થઈ શકે તેવું જણાઈ રહયું છે.

આમ અમેરીકાના અસહય વધારાના ટેરીફ દરના કારણે સમગ્ર ઔદ્યોગીક અને નિકાસકારોને થવા પાત્ર અસહય ધંધાકીય નાણાંકીય નુકશાનીની તીવ્રતાને ગંભીરતાપુર્વક ધ્યાને લઈને કેન્દ્ર સરકારની રાહ જોયા વગર રાજય સરકાર દ્વારા તાત્કાલીક પુરતા રાહત–પેકેજ જહેર કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ.

# We have placed strong and emphasizing representations, some of which are narrated hereunder in nutshell.

(1) We have represented some concrete confusions for GST on Solar Power Pump sets and devices containing submersible pumps, motors + controller being used for solar projects and have apprised further for clarification as to whether they fall under 5% GST or under 18% GST. We have also sought Government's clear directive regarding applicable rates of GST On Solar Power Pump devices being utilized for agricultural purposes.

(2) We have been continuously representing for providing of requisite facilities, amenities, Custom and Immigration Set-ups consisting of Affordable Refreshments & Services, Accessibility & Mobility, Digital Connectivity, Free Wi-Fi access throughout the terminal and numerous mobile charging stations etc. Our empathetic representations all the time have met with right and positive considerations. Various facilities and amenities such as Udaan passenger cafe offering affordable tea/coffee, along with vending machines, four aerobridges, free Wi-Fi, comprehensive baggage services, Child care rooms, first aid/medical room, and 24/7 security etc. are amongst recently added Air Cargo Terminal to boost commercial operations and regional logistics, 20 Check-in Counters & 3 Conveyor Belts to handle high-density passenger flow (up to 1,800 hourly) etc. etc.

(3) Represented to Govt. Of Gujarat for consideration of severe monetary losses being faced by the Export community due to imposition of reciprocal tariff by the USA and to extend concrete benefits thereof.

(4) Represented to The D.R.M., Western Railway for providing of stoppage at Gomta Railway Station to recently introduced Train No. 59561 – 59564 ( Porbandar – Rajkot – Porbandar.

(5) Rajkot just like the spine code of Saurashtra in every sphere has been rapidly expanding as one of the world's fastest growing urban areas. Hundreds of highly educated and top-ranked students study in various IIMs and IITs. For their better study leverage and providing of best of infrastructures and full-flagged amenities, we have apprised the suitable Govt. Ministries at State and Center level for providing of IIM and IIT to Rajkot at the earliest.

(6) Exporters, particularly small and medium-sized enterprises (SMEs) are facing severe hurdles due to the persistent pendency of Integrated Goods and Services Tax (IGST) refunds. Despite the introduction of an automated, risk-based refund system, delays in IGST refunds have resulted in significant working capital bottlenecks and, in some cases, the disruption or shutdown of business operations. We have represented strongly to The Customs Authorities for concrete redressal of such hurdles.

(7) We had been invited by The Finance Ministry, Govt. Of India to convey suggestions and inclusions in the Union Budget 2026 – 2027. We had submitted more than Twenty Two suggestions and inclusions for the purpose.

(8) With a broader view to enhance the Social Security and Health of Workforce, we have emphasisingly represented to The Regional Director, ESIC, Ahmedabad for providing of Regional ESIC Office at Rajkot.

(9) Vice President of R.C.C.I. Shri Parth Ganatra is the member of Zonal Railway Users' Consultative Committee and through his intermediation, we have submitted Nos. of Important, Urgent and useful and broadly implied points to ZRUCC some of which are as under.

(i) Restoration of the original arrival – departure time of Saurashtra Mail (No.22946) at its original schedule.

(ii) Extension of six interstate trains to Rajkot which presently are running From and To Ahmedabad i.e. Ahmedabad – Patna / Ahmedabad – Prayagraj / Ahmedabad - Kolkata / Ahmedabad – Kolhapur / Nagpur – Ahmedabad / Ahmedabad – Hasrat Nizamuddin etc.

(iii) Extension of Ahmedabad – Pune – Ahmedabad Duranto Express to Rajkot.

(iv) The public of Saurashtra is bonded with Hardwar the most fated and visited pilgrimage centre. Only one weekly train from Okha to Hardwar runs once in a week. The Public faces extreme difficulties and inconveniencies as they have to travel in two or three intervals causing heaviest time and monetary losses. We have strongly proposed to provide Okha-Hardwar connectivity at least thrice in a week and to extend Hardwar mail up to Rajkot.

(v) Dwarka and Ayodhya are also amongst the most religious pilgrim centers. However, there is not direct rail connectivity. We have emphasisingly represented to provide Okha – Ayodhya – Okha via Mathura super fast train twice in a week.

(vi) Introduction of VANDE BHARAT sleeper train from Rajkot – Mumbai – Rajkot is the daunting need of travelling community. We have representing for the same.

(10) BIS certification is mandatory for various types of commercial ropes, including those up to 36 mm, under the Ropes and Cordages (Quality Control) Order, 2024. We have strongly represented to exempt commercial plastic ropes up to 36mm diameter manufactured by Micro and Small Industries.

(11) Rajkot (Hirasar) international Air-port is a vital infrastructure asset for the region. Starting of international flights from Hirasar Airport is the intense need. Despite fulfilling all immigration formalities, international flights are still not started. We have been pursuing this urgent matter with the concerned ministries and hope for an earlier resolution thereof.

*******************************

**રહીશ સિનીયર સિટિઝનના કેસમાં જો રૂ.બાર લાખથી ઓછી કુલ કરપાત્ર આવક હોય તો TDS ની કોઈ કપાત ન થાય તે માટે ફોર્મ ભરી શકાય !**

# શુન્ય TDS નો લાભ કોને, કયારે અને કેવી રીતે મળી શકે ?

**૨૦૨૫ ના નવા આવકવેરા કાયદા તેમજ ૨૦૨૬ ના નવા આવકવેરા નિયમો હેઠળની સંબંધિત જોગવાઈઓની વિસ્તૃત સમજ**

તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૬ થી નિયત ચુકવણીમાંથી Form 15-H કે 15-G ના બદલે આપવાનું થતું નવું Form 121

૨૦૨૫ ના આકવેરાના નવા કાયદા હેઠળ નવી કલમ ૩૯૩ અન્વયે ૧૯૬૧ ના જુના કાયદાની કલમો ૧૯૩ થી ૧૯૭A હેઠળની સંબંધિત જોગવાઈઓનો સમાવેશ કરાયો છે. કલમ ૩૯૩(૬) અન્વયે આપવામાં આવેલ નિર્દિષ્ટ Table હેઠળ કયા કેસમાં TDS ની શુન્ય કપાતનો લાભ મળી શકે તેની જોગવાઈ કરાવેલ છે.

| **ફોર્મ આપનારનો હોદો** | **નિયત શરતો અને કુલ આવકની મર્યાદા** |
|---|---|
| રહીશ સીનિયર સીટીઝન | ભરવાપાત્ર ટેક્ષની રકમ શુન્ય હોય એટલે કે કુલ કરપાત્ર આવક નીચે જણાવેલ મર્યાદામાં હોય<br>પેન્શન ના હોય તો રૂ.૧૨ લાખ<br>પેન્શન મળતું હોય તો રૂ.૧૨.૭૫ લાખ |

જો ફોર્મ આપતા સમયે, કુલ આવકમાં આવકવેરાના વિશિષ્ટ દરે કરપાત્ર લાંબા કે ટુંકા ગાળાના મુડી–નફાનીનો સમાવેશ થતો હોય, તો આવી આવક ઉપર રીબેટ મળવાપાત્ર ન હોઈ, નીચે જણાવ્યા મુજબની કુલ આવકની મર્યાદાને લક્ષમાં રાખીને ફોર્મ આપવાનું રહે.

| | |
|---|---|
| સીનિયર સીટિઝન ન હોય તેવા રહીશ વ્યકિત | પ્રાથમીક કરમુકિત મર્યાદા નીચે મુજબ : |
| અથવા | |
| હિંદુ આવિભકત કુટુંબ (HUF) | આવકવેરાની નવી યોજના હેઠળ રૂ. ૪ લાખ |
| અથવા | આકવેરાની જુની યોજના હેઠળ રૂ. ૨.૫ લાખ |
| AOP/BOI (જાહેર ધર્માદા ટ્રસ્ટ સહિત) | |
| NRI સહિત તમામ બિન રહીશ | ફોર્મ ૧૨૧ આપી શકતા નથી |

## આવકવેરા કાયદા હેઠળ રહીશ સિનિયર સીટિઝન કોને કહેવાય ?

– એવી વ્યકિત જેની ઉંમર Tax Year દરમ્યાન ૬૦ વર્ષ કરતાં વધારે હોય.
– એવી વ્યકિત જે Tax Year દરમ્યાન ૬૦ વર્ષ પુરા કરનાર હોય.
– એવી વ્યકિત જે Income-tax Act હેઠળ રહીશ હોય.

ઉપરોક્ત જોગવાઈને લક્ષમાં રાખતા, ૨૦૨૬–૨૭ ના નાણાકીય વર્ષ (અર્થાત Tax Year ) માં જો ભારતીય રહીશ હોય તેવી વ્યકિતને ગમે ત્યારે પણ ૬૦ વર્ષ પુરા થતા હોય, તો તેને સમગ્ર વર્ષ માટે સીનિયર સિટિઝનના લાભ મળવાપાત્ર હોઈ, તે ફોર્મ ૧૨૧ ભરીને, જો રૂ.૧૨ લાખથી ઓછી કરપાત્ર આવક પિન્શન સહિત રૂ.૧૨.૭૫ લાખ હોય, તો ZERO TDS નો લાભ મેળવી શકશે.

## કલમ ૩૯૩ હેઠળ TDS કરાય તે માટે કઈ નિયત આવકો માટે ફોર્મ ૧૨૧ આપી શકાય ?

- માન્ય પ્રોવિડન્ટ ફંડમાંથી કરાતી ઉપાડ
- ઈન્સ્યુરન્સ કમિશન
- ભાડાની આવક
- મ્યુચ્યુઅલ ફંડમાંથી ઉદભવતી આવક
- જામીનગીરીના વ્યાજ
- બેંક, કો–ઓપરેટીવ બેંક, પોસ્ટ ઓફિસ કે અન્ય સંસ્થાઓમાં મુકેલ ડિપોઝીટ ઉપર મળવાપાત્ર
- જીવન વીમા પોલીસી ઉપર મળવાપાત્ર (બોનસ સહિત)ની રકમ
- શેરોના ડિવીડન્ડ

## ફોર્મ ૧૨૧ માં દર્શાવાની અગત્યની વિગતો – ફોર્મ આપનારની વિગતો

નામ, સરનામું, PAN રહેઠાણનો હોદો, સીનિયર સીટિઝન છે કે કેમ, ઈ–મેઈલ આઈડી, સંપર્ક નંબર Tax Year.

## આવકની વિગત

- આવકનો પ્રકાર
- આ ફોર્મ માટે અંદાજીત આવક
- આ ફોર્મ સિવાય અન્ય ફોર્મ ૧૨૧ ભર્યા હોય તો કેટલા ફોર્મ અને કેટલી આવક માટે તેની વિગતો.
- તમામ ફોર્મ ૧૨૧ માં સમાવિષ્ટ કુલ આવક
- TAX માટે કુલ અંદાજીત આવક
- અગાઉના બે Tax Year માટે ભરેલ આવકવેરા રીટર્નમાં દર્શાવેલ આવક અને રીટર્ન ભર્યાની પહોંચ નંબર

## ચુકવણી કરનાર શખ્શ દ્વારા TDS કરવાનો ન થાય તે માટેની નિર્દિષ્ટ નાણાંકીય મર્યાદાઓ

જો નિયત ચુકવણી કરનાર શખ્શ દ્વારા આવી ચુકવણીની રકમ, આ માટેની નિર્દિષ્ટ નાણાંકીય મર્યાદાની અંદર હોય તો તેવા કેસમાં TDS ની કોઈ કપાત કરવાની ઉપસ્થિત થાય નહીં અને તે સંજોગોમાં ફોર્મ ૧૨૧ રજુ કરવાની આવશ્યકતા રહે નહીં.

| ચુકવણીનો પ્રકાર | નાણાંકીય મર્યાદા | TDS નો નિયત દર |
|---|---|---|
| જમીન અથવા મકાનનું ભાડું | માસિક રૂા.૫૦,૦૦૦ | ૧૦% |
| પ્લાન્ટ કે મશીનરીનું ભાડું | માસિક રૂા.૫૦,૦૦૦ | ૨% |
| જામીનગીરીનું વ્યાજ | વાર્ષિક રૂા.૧૦,૦૦૦ | ૧૦% |
| બેંક કો–ઓપરેટીવ બેંક કે પોસ્ટ ઓફિસમાં મુકેલ ડિપોઝીટ ઉપર મળવાપાત્ર વ્યાજ | | |
| રહીશ સીનિયર સીટિઝનના કેસમાં | વાર્ષિક રૂા.૧,૦૦,૦૦૦ | ૧૦% |
| અન્યના કેસમાં | વાર્ષિક રૂા.૫૦,૦૦૦ | ૧૦% |
| અન્ય ખાનગી સંસ્થાઓમાં મુકેલ ડિપોઝીટ ઉપર મળવાપાત્ર વ્યાજ | | |
| રહીશ સીનિયર સીટિઝનના કેસમાં | વાર્ષિક રૂા.૧૦,૦૦૦ | ૧૦% |
| અન્યના કેસમાં | વાર્ષિક રૂા.૧૦,૦૦૦ | ૧૦% |
| ડિવિડન્ડ | વાર્ષિક રૂા.૧૦,૦૦૦ | ૧૦% |
| મ્યુચ્યુઅલ ફંડમાંથી ઉદભવતી આવક | વાર્ષિક રૂા.૧૦,૦૦૦ | ૧૦% |
| જીવન વીમા પોલીસી ઉપર મળવાપાત્ર (બોનસ સહિત)ની રકમ | વાર્ષિક રૂા.૧,૦૦,૦૦૦ | ૨% |

**૧લી એપ્રિલ ૨૦૨૬ થી અમલી નવા આવકવેરા નિયમો : ભારતીય નાગરીકો માટે હવે ફોર્મ નંબર ૯૩ નો ઉપયોગ કરવામાં આવશે**

# પરમેનેન્ટ એકાઉન્ટ નંબરની અરજી માટે નવી જોગવાઈઓ

**Income Tax Rules ૨૦૨૬ હેઠળ PAN ને લગતા મહત્વના ફેરફારો અંગે વિસ્તુત ચર્ચા**

**PAN અરજી માટેના કડક નિયમો :** નવા PAN કાર્ડ માટે અથવા જુની વિગતો સુધારવા માટે હવે નિયમો બદલાયા છે.

માત્ર આધાર કાર્ડથી અરજી નહીં થાય : ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી તમે માત્ર આધાર કાર્ડ દ્વારા PAN અરજી કરી શકો છો. પરંતુ ૧લી એપ્રિલથી તમારે જન્મ તારીખના પુરાવા તરીકે અલગ દસ્તાવેજ (જેમ કે જન્મનું પ્રમાણપત્ર, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ અથવા ૧૦માં ધોરણની માર્કશીટ) આપવી ફરજીયાત રહેશે.

**આધાર સાથે નામનું મેચિંગ :** PAN કાર્ડ પર તમારૂં નામ હવે સીધું જ આધાર કાર્ડ મુજબ લેવામાં આવશે. નામમાં કોઈપણ ફેરફાર કે સ્પેલિંગની ભૂલ ચલાવવામાં આવશે નહીં જો આધારમાં ભૂલ થશે, તો પહેલા ત્યાં સુધારો કરવો પડશે.

**PAN અરજી માટેના નિયમ નવા ફોર્મ :** PAN માટે અત્યાર સુધી માત્ર Form 49A અને Form 49AA જ હતા, જેમાં તમામ કેટેગરીના અરજદારોને સમાવવામાં આવતા હતા.

૧લી એપ્રિલ ૨૦૨૬ થી નવા નિયમો મુજબ, ભારતીય નાગરીકો માટે હવે ફોર્મ નંબર ૯૩નો ઉપયોગ કરવામાં આવશે, જે અગાઉ Form 49A તરીકે ઓળખાતું હતું.

તેવી જ રીતે, ભારતીય કંપનીઓ, હિન્દુ અવિભકત કુટુંબ (HUF) અથવા ભારતમાં સ્થપાયેલી અન્ય સંસ્થાઓ માટે હવે Form 49 લાગુ પડશે, જે પણ પહેલા Form 49A દાયરામાં આવતા હતા.

જે વ્યકિતઓ ભારતીય નાગરીક નથી તેઓએ હવે Form 95 ભરવાનું રહેશે, જે અગાઉ Form 49AA તરીકે જાણીતું હતું.

ભારત બહાર સ્થપાયેલી કંપનીઓ અથવા વિદેશી સંસ્થાઓ માટે Form 46 નિયત કરવામાં આવ્યું છે, જે અગાઉ Form 49AA હેઠળ આવતા હતાં.

નવા ફોર્મ્સ સાથે જોડવાના જરૂરી દસ્તાવેજો : આ નવા ફોર્મ (૯૩ થી ૯૬) સાથે જોડવાના જરૂરી દસ્તાવેજોની યાદી નીચે મુજબ છે.

(૧) ભારતીય નાગરીકો માટે (ફોર્મ ૯૩) : વ્યકિતગત અરજદારો માટે નિયમો વધુ કડક થયા છે.

ઓળખનો પુરાવો : આધાર કાર્ડ સૌથી મુખ્ય છે. પરંતુ તેની સાથે હજે જન્મ તારીખની સચોટ પુરાવો (જેમ કે જન્મનું પ્રમાણપત્ર, ૧૦માની માર્કશીટ અથવા પાસપોર્ટ) જોડવો ફરજીયાત છે.

સરનામાનો પુરાવો : જો આધારમાં સરનામું અપડેટ ન હોય, તો લેટેસ્ટ લાઈટ બિલ, ટેલિફોન બિલ કે બેંક સ્ટેટમેન્ટ (૩ મહિનાથી જુનું નહીં) આપી શકાય.

ફોટા : બે પાસપોર્ટ સાઈઝના તાજેતરના ફોટા જરૂરી રહેશે.

(૨) ભારતીય કંપનીઓ અને HUF માટે (ફોર્મ ૯૪) : કંપનીઓ માટે :– રજીસ્ટાર ઓફ કંપનીઝ (ROC) દ્વારા આપવામાં આવેલું સર્ટિફિકેટ ઓફ ઈન્કોર્પોરેશન (COI) અનિવાર્ય છે.

HUF માટે : કર્તા (Karta) ની ઓળખ અને સરનામાના પુરાવા સાથે આખા પરિવારની વિગતો દર્શાવતું સોગંદનામું (Affidavit).

પાર્ટનરશિપ ફર્મ : રજીસ્ટર્ડ પાર્ટનરશિપ ડીડની નકલ.

(૩) વિદેશી નાગરીકો માટે (ફોર્મ ૯૫) : પાસપોર્ટ : માન્ય વિદેશી પાસપોર્ટની નકલ. PIO/OCI કાર્ડ : જો લાગુ પડતું હોય તો તેની નકલ.

વિદેશી સરનામાનો પુરાવો : વિદેશી બેંક સ્ટેટમેન્ટ કે રહેઠાણનો પુરાવો (જે તે દેશની સરકારી સતા દ્વારા પ્રમાણિત).

જો અરજદાર ભારતમાં હોય, તો વિઝા (Visa) ની નકલ અથવા રજીસ્ટ્રેશન ઓફિસર (FRO) નું પ્રમાણપત્ર.

(૪) વિદેશી સંસ્થાઓ માટે (ફોર્મ ૯૬) : રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ : જે તે દેશમાં સંસ્થાની સ્થાપના થઈ હોય તેનું પ્રમાણપત્ર (જેને 'Apostille' અથવા ભારતીય એમ્બેસી દ્વારા પ્રમાણિત કરાવવું જરૂરી છે.)

Tax Residency Certificate (TRC) : જે તે દેશના ટેક્સ વિભાગ દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર.

ભારતમાં જો કોઈ પ્રતિનિધિ (Authorised Signatory) હોય, તો તેમનું ઓળખપત્ર અને પાવર ઓફ એટર્ની.

નવા નિયમો મુજબ, જો તમે ડીજીટલી (e-KYC) અરજી કરો છો, તો આધાર કાર્ડમાં મોબાઈલ નંબર લિંક હોવો જરૂરી છે. જેથી OTP દ્વારા પ્રક્રિયા પુર્ણ થઈ શકે.

# "એકસપોર્ટ" ના દસ્તાવેજો "એકસપોર્ટ" ના લાભ, અને "એકસપોર્ટ" ના વિવાદો

ભારતમાંથી માલની નિકાસ કરવા માટે કસ્ટમના કાયદા પ્રમાણે એકસપોર્ટ ઈનવોઈસ, શિપિંગ બિલ વગેરે પ્રકારના ડોક્યુમેન્ટ રજુ કરવા ફરજીયાત છે. આવા દસ્તાવેજો (documents) ની ચકાસણી કરી કસ્ટમ અધિકારી એસેસમેન્ટ કરે છે અને માલના નિકાસની અનુમતી (let export order એટલે કે LEO) બાબતે હુકમ કરે છે. શિપિંગ બિલ જેવા દસ્તાવેજો કસ્ટમની ઈ.ડી.આઈ. સિસ્ટમની પોર્ટલ ઉપર ફાઈલ કરવા પડે છે. જો ઈ.ડી.આઈ. સિસ્ટમ અનુસાર ઈલેકટ્રોનિકલી આવા દસ્તાવેજો ફાઈલ કરતાં સમયે કોઈ ભુલ થાય અથવા ખોટી માહિતી દર્શાવવામાં આવી હોય તો નિકાસકાર જયારે એકસપોર્ટને લગતાં લાભ માટે અરજી કરે ત્યારે એકસપોર્ટના લાભથી વંચિત રાખવામાં આવે છે. કારણ કે, ઈ.ડી.આઈ. સિસ્ટમમાં ભુલ સુધારવા માટે કે ખોટી માહિતી કાઢી નાંખી આપી માહિતી ભરવા માટે કોઈ સગવડ નથી. આ ઉપરાંત 'એકસપોર્ટ' ના અર્થ માટેના વિવાદો પણ નિકાસકરોને સતાવે છે, કારણ કે અધિકારીઓને એકસપોર્ટના લાભ માટે વિવાદ કરવાની તક મળે છે. ફિઝિકલ એકસપોર્ટ અને ડીમ્ડ એકસપોર્ટ એટલે કે અન્ય પ્રકારના વ્યવહારો જેને પણ 'નિકાસ' ગણવામાં આવે છે, તેનું વ્યાપારીના અર્થશાસ્ત્ર ઉપર અને દેશના અર્થશાસ્ત્ર ઉપર પણ શહેરી અસર છે, અને તેથી જયારે એકસપોર્ટના લાભથી વ્યાપારીને એ કારણે વંચિત રાખવામાં આવે કે તેણે માલને ભારત દેશની બહાર (એટલે કે 'ફિઝિકલ એકસપોર્ટ' મોકલ્યો નથી ત્યારે વ્યાપારીના ધંધા પર નકારાત્મક અસર પડે છે. તેને કારણે ફિઝિકલ એકસપોર્ટ અને અન્ય પ્રકારના એકસપોર્ટના વ્યવહારોના વિવાદો ઉભા થાય છે.

**એકસપોર્ટના ફાયદા–લાભ :** એકસપોર્ટના વ્યવહારો કરનાર વ્યાપારીને સરકાર તરફથી નાણાકીય લાભ આપવામાં આવે છે, જે સામાન્ય રીતે નિકાસ થયેલાં માલને માટેના ઈન્પુટ/ઈન્પુટ સર્વિસ પરના કરવેરાના રિફંડ રૂપે હોય છે. અર્થશાસ્ત્રનો નિયમ છે. કે આપણાં દેશના કરવેરાની નિકાસ થવી ન જોઈએ, અને તેથી નિકાસ થતાં માલની ઉપર કોઈ કર લેવાતો નથી, જયારે આ માલ બનાવવામાં વપરાયેલ ઈનપુટ/ઈનપુટ સર્વિસ ઉપર લાગેલાં કરવેરાનું રિફંડ નિકાસકર્તાને

આપવામાં આવે છે, જેથી ઈનપુટ/ઈનપુટ સર્વિસ પર લાગેલાં વેરાનો બોજો પણનિકાસ થતાં માલની કિંમતમાં ઉમેરવામાં આવતાં નથી. નિકાસકર્તાને આ પ્રમાણે કરવેરાનું રિફંડ મળતું હોવાથી તે માલની કિંમત આંતરરાષ્ટ્રિય બજારમાં ઓછી કરી શકે અને ભારતના વ્યાપારીઓનો માર્કેટ શેર (એટલે કે વ્યાપારનો આંતરરાષ્ટ્રિય વ્યાપ) વધે છે.

**સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ એકટ, ૨૦૦૫ ની વ્યાખ્યા :** આ કાયદો સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને લગતાં વ્યવહારોને લાગુ પડે છે. આ કાયદાની કલમ ૨(એમ) હેઠળ ત્રણ પ્રકારના વ્યવહારોને 'એકસપોર્ટ' ગણવાની જોગવાઈ છે. (૧) ભારતની બહાર માલ કે સેવા જમીન માર્ગે, દરિયા માર્ગે, વાયુ માર્ગે કે અન્ય રીતે લઈ જવાની પ્રવૃતિ (૨) ભારતમાંથી કોઈપણ જગ્યાએથી (સ્પે.ઈકોનોમિક ઝોન સિવાયની જગ્યા) ઈકોનોમિક ઝોનમાં માલ કે સેવા લઈ જઈ એસ.ઈ.ઝેડ. ના કોઈ પણ એકમ (યુનિટ) અથવા એસ.ઈ.ઝેડ. નો વિકાસ કરનાર (ડેવલપર)ને આ માલ/સેવા પુરી પાડવાની પ્રવૃતિ, (૩) એસ.ઈ.ઝેડ. ના એકમ દ્વારા એ જ ઝોનના અન્ય એકમને, અથવા બીજા કોઈ પણ ઝોનના એકમને માલ કે સેવા આપવાની પ્રવૃતિ, આ વ્યાખ્યા અનુસાર 'ફિઝીકલ' એકસપોર્ટ, એટલે કે માલ/સેવાને ભારત દેશની બહાર લઈ જઈ કોઈ પણ બહારની વ્યકિતને માલ/સેવા પુરી પાડવાનું ફરજીયાત નથી, પણ ભારત દેશની અંદર જ કોઈપણ એસ.ઈ.ઝેડ.ના એકમને ડેવલપરને માલ/સેવા પુરી પાડવાની પ્રવૃતિ પણ 'એકસપોર્ટ' ગણાય છે. 'એકસપોર્ટ' ની આ વિશાળ વ્યાખ્યાને સિમીત કરતાં પ્રોવિઝન પણ છે.

**કસ્ટમ એકટ હેઠળની વ્યાખ્યા :** જે વ્યકિત નિકાસના ધંધામાં સંકળાયેલી છે, તે જાણે છે કે નિકાસની જે વ્યાખ્યા કસ્ટમ્સ એકટ, ૧૯૬૨ હેઠળ અપાયેલી છે, તે મુજબ માલ કે સેવાની નિકાસ કરવાની રહે છે. કસ્ટમ એકટની કલમ ૨(૧૮) હેઠળની વ્યાખ્યા મુજબ 'એકસપોર્ટ' એટલે ભારતમાંથી ભારત બહારની કોઈપણ જગ્યાએ માલને લઈ જવાની પ્રવૃતિ, આ વ્યાખ્યા અનુસાર માલને દેશની બહારની જગ્યાએ લઈ જવાનો રહેતો હોવાથી, કસ્ટમના કાયદા મુજબ 'ફિજીકલ' એકસપોર્ટ એટલે કે માલને હકકીતની દ્રષ્ટિએ દેશ બહાર લઈ જવાનું ફરજીયાત છે. આ વ્યાખ્યા અને એસ.ઈ.ઝેડ. ની વ્યાખ્યામાં વિસંગતતા ઉભી થાય છે અને પરિણામે વિવાદો.

**અન્ય વ્યાખ્યાઓની વિસંગતતા :** સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ એકટ, ૨૦૦૫ તથા ફોરેન ટ્રેડ એકટ હેઠળની ફોરેન ટ્રેડ પોલિસી હેઠળ ભારત દેશની અંદર માલના વેચાણ અથવા માલના સપ્લાયને પણ એકસપોર્ટ ગણવામાં આવતા હોવાથી આ પ્રકારના એકસપોર્ટ ઉપર પણ રિફંડ વગેરે લાભ આપવામાં આવે છે. આ કાયદાઓ હેઠળ 'ફિઝિકલ એકસપોર્ટ' એટલે કે દેશની બહાર માલને સપ્લાય કરવું ફરજીયાત નથી. પરંતુ કસ્ટમ્સ એકટ હેઠળની વ્યાખ્યાને કારણે સરકારી અધિકારીઓ દ્વારા આ અન્ય કાયદાઓમાં પણ ફિઝીકલ એકસપોર્ટની શરત મુકી વિવાદોનું સર્જન કરવામાં આવ્યું છે. જો પાર્લામેન્ટ દ્વારા બનાવવામાં આવેલા કાયદા અનુસાર ફિઝિકલ એકસપોર્ટની શરત સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં સ્થાપવામાં આવેલ ઉદ્યોગો (Unit) અથવા ફોરેન ટ્રેડ પોલીસી હેઠળ એડવાન્સ ઓથોરાઈઝેશન, ધરાવતા વ્યાપારીને લાગુ પડતી ન હોય, તો સરકારી પરિપત્રો દ્વારા ફિઝિકલ એકસપોર્ટની શરત આવા વ્યાપારી કે ઉદ્યોગોને લાગુ પાડી શકાય કે નહી, એ પ્રશ્ન અને તેને લગતા વિવાદો ઉભા થાય છે. અન્ય પ્રોવિઝનો પણ 'એકસપોર્ટ' ના લાભ બાબતે વિવાદો માટે કારણભુત છે.

**ફોરેન ટ્રેડ પોલિસી હેઠળની વ્યાખ્યા :** ઈમ્પોર્ટ–એકસપોર્ટ માટે તરેહતરના લાઈસન્સ અને ઓથોરાઈઝેશન જારી કરવા માટે આયાત–નિકાસનાં નિયંત્રણ માટે સરકારના કોમર્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ફોરેન ટ્રેડ પોલિસી બહાર પાડવામાં આવે છે. જે ફોરેન ટ્રેડ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ હેઠળ જાહેર કરવામાં આવે છે. આ પોલિસીના ચેપ્ટર નં.૪માં કસ્ટમ ડયુટી ભર્યા વગર કાચા માલ, કેપિટલ ગુડઝ વગેરેની આયાતની છુટ માટેના ઓથોરાઈઝેશન (એટલે કે લાઈસન્સ)ની

જોગવાઈઓ કરવામાં આવી છે અને આ પ્રકારના ઓથોરાઈઝેશનની મુખ્ય શરત આયાત કરાયેલ માલ, કેપિટલ ગુડઝ વગેરેના ઉપયોગથી બનાવેલા માલની નિકાસ (એકસપોર્ટ) હોવાથી, ફોરેન ટ્રેડ પોલિસીના ચેપ્ટર નં.૪માં પણ 'એકસપોર્ટ' ને લગતી જોગવાઈઓ છે. ચેપ્ટર નં.૪ના પેરેગ્રાફ નં.૪.૦૫ મુજબ ફિઝિકલ એકસપોર્ટ, ઈન્ટરમીડિયેલ સપ્લાય એટલે કે એકસપોર્ટ કરવાની શરતે અન્ય કોઈ વ્યકિતને ઓથોરાઈઝેશન આપ્યું હોય તો તેવી વ્યકિતને આપવામાં આવેલ માલ અને કોઈપણ એકસપોર્ટ ઓરિએન્ટેડ યુનિટ (EOU) અથવા સોફટવેર ટેકનોલોજી પાર્ક (STP) અથવા બાયો–ટેકનિકલ પાર્ક (BTP) ના એકમને આપવામાં આવેલ માલને પણ એકસપોર્ટ ગણવામાં આવેશે. તદુપરાંત, આ પોલિસીના ચેપ્ટર નં.૭ અંતર્ગત 'ડિમ્ડ એકસપોર્ટ' (Demed Export) ની પણ જોગવાઈ છે. અને આ જોગવાઈ અનુસાર ઘણાં પ્રકારના સપ્લાયને માલ ભારત દેશમાં જ આપવામાં આવતો હોવા છતાં એકસપોર્ટ ગણવામાં આવે છે.

******************************

:: GET COO THROUGH RCCI ::

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# RCCI is Authorised to Issue Non Preferential Certificate of Origin

(Public Trade Notice No.18, Dt.14-6-2002 of DGFT, Govt. of India, Ministry of Commerce & Industry, New Delhi)



- One of the First body in Saurashtra to migrate to the new DGFT COO Portal : www.trade.gov.in
- Dedicated COO staff to support queries, technical obstacles and DGFT related queries.
- Instant and timely service with less waiting period for online COOs.
- E-wallet facility is available for exporters to issue COO through RCCI on DGFT's website.
- COO issued by RCCI are accepted by all the countries in the world.
- COO Issued online are QR-coded to authenticity.



## આધુનિક સુવિધા સજ્જ

# કોન્ફરન્સ હોલ

**કોન્ફરન્સ હોલ ભાડે રાખવાના દર નીચે મુજબ છે.**
**તેમા લાઈટ, પંખા, સફાઈ તેમજ માઈક ચાર્જ સામેલ છે.**




| વિગત | અર્ધો દિવસ | આખો દિવસ |
|---|---|---|
| સમય | ૪ કલાક | ૮ કલાક |
| હોલ બુકીંગના દરઃ સભ્યો માટે | ૨૦૦૦ | ૪૦૦૦ |
| અન્ય માટે | ૨૫૦૦ | ૫૦૦૦ |
| ડિપોઝીટની રકમ | ૭૦૦૦ | ૧૦,૦૦૦ |

- એ.સી. વપરાશ માટેનો ઈલેકટ્રીક ચાર્જ યુનિટ દીઠ ચાર્જ રૂા. ૧૫ છે.
- પ્રોજેકટરનું ભાડું રૂા.૧૫૦૦ (અર્ધા) રૂા.૩૦૦૦ (આખા) દિવસ માટે થશે.
- કુલ હીસાબ પર ૧૮% GST અલગથી લેવાશે.

*વધુ માહિતી માટે ચેમ્બરની એડમીન ઓફિસમાં સંપર્ક કરવા વિનંતી.*



**:: Registered Office ::**

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001
**Phone :** 0281-2227400, 2227500 | **Fax :** 0281-2230824 | **M :** 7383127400
**E-mail :** rajkotchamber@yahoo.co.in | **Web :** www.rajkotchamber.com